**સુવિચાર**

સંપત્તિ નષ્ટ થાય તો તેને ફરી મેળવી શકાય, પણ સમય નષ્ટ થાય તો તેને પાછો મેળવી શકાતો નથી...


RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

આલે લે... થોરાળા પોલીસ સ્ટેશનમાં આરોપીને વીઆઈપી સુવિધા...?: વીડિયો વાયરલ P-4

Year-16, Issue-213 ■ DATE : 22-12-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સોના-ચાંદીમાં અભૂતપૂર્વ તેજીઃ ચાંદી ૨.૧૪ લાખ અને સોનું ૧.૩૫ લાખની સપાટીએ



## વૈશ્વિક અને સ્થાનિક બજારોમાં કિંમતી ધાતુઓના ભાવમાં આવેલી અભૂતપૂર્વ તેજીથી રોકાણકારો સ્તબ્ધઃ આગામી સમયમાં સોનું ૪૯૦૦ ડોલરની સપાટી વટાવે તેવી આગાહી

**મુખ્ય સમાચાર, મુંબઈ**

વૈશ્વિક અને સ્થાનિક બજારોમાં કિંમતી ધાતુઓના ભાવમાં આવેલી અભૂતપૂર્વ તેજીએ રોકાણકારોને સ્તબ્ધ કરી દીધા છે. આંતરરાષ્ટ્રીય સંકેતોને પગલે ભારતના મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર સોના અને ચાંદીના ભાવે તમામ જૂના રેકોર્ડ તોડીને નવી ઐતિહાસિક ઊંચાઈ હાંસલ કરી છે. ચાંદીના વાયદાના ભાવ પ્રતિકિલો ૨,૧૪,૫૩૪ ની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યા છે, જ્યારે સોનું પણ પ્રતિ ૧૦ ગ્રામ દીઠ ૧,૩૫,૬૯૮ ના શિખર પર પહોંચ્યું છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે હાજર સોનું ૧% ઉછળીને ૪૩૮૪.૫૦ ડોલર પ્રતિ ઔંસની રેકોર્ડ સપાટીએ પહોંચ્યું છે. તેવી જ રીતે ચાંદી પણ ૨.૨% ના ઉછાળા સાથે ૬૮.૬૫ ડોલર પ્રતિ ઔંસની સપાટીએ ચમકી રહી છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન સોનામાં ૬૭% નો વધારો થયો છે, જ્યારે ચાંદીમાં ૧૨૫% નો જંગી ઉછાળો જોવા મળ્યો છે, જે દર્શાવે છે કે ચાંદીએ વળતરની બાબતમાં સોનાને પણ પાછળ છોડી દીધું છે.

ગોલ્ડમેનના અહેવાલ મુજબ, ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં સોનું હજુ ૧૪% વધીને ૪૯૦૦ ડોલર પ્રતિ ઔંસ સુધી પહોંચી શકે છે. સ્થાનિક બજારના નિષ્ણાતોના મતે, આ અઠવાડિયે યુએસ જીડીપી ડેટા અને ડોલર ઈન્ડેક્સમાં વધઘટને કારણે બજારમાં ભારે વોલેટાલિટી જોવા મળી શકે છે. નિષ્ણાતોએ સોનામાં ૧,૩૩,૬૦૦ ના સપોર્ટ લેવલ સાથે અને ચાંદીમાં ૨,૦૬,૦૦૦ ના સપોર્ટ સાથે ઘટાડા પર ખરીદી કરવાની સલાહ આપી છે.

દેશના મુખ્ય શહેરોમાં ૨૪ કેરેટ સોનાના ભાવમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે. દિલ્હીમાં શુદ્ધ સોનું (૨૪ કેરેટ) પ્રતિ ૮ ગ્રામ ૧,૦૯,૦૪૦ પર ટ્રેડ કરી રહ્યું છે, જ્યારે મુંબઈમાં તેનો ભાવ ૧,૦૭,૭૪૪ અને હૈદરાબાદમાં ૧,૦૭,૬૮૦ નોંધાયો છે. ચેન્નાઈમાં ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧,૦૭,૭૯૨ પ્રતિ ૮ ગ્રામ રહ્યો છે.

સોનાની જેમ ચાંદીમાં પણ તેજીની સમાન સ્થિતિ હતી. કોમોડીટી એક્સચેંજમાં ચાંદી શુક્રવારે ૨૦૮૬૦૩ રહ્યા બાદ આજે પ્રારંભિક કામકાજમાં જ ૨૧૪૩૫૦ના સ્તરે પહોંચી ગઇ હતી. ચાલુ કેલેન્ડર વર્ષમાં ચાંદીમાં ૧૩૦ ટકાનો જોરદાર ઉછાળો નોંધાયો છે.

### Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૭/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૬/લીટર |
| CNG | રૂ. ૭૯.૨૬/કિલો |

| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૩૫,૩૩૦ | ₹૨,૧૯,૦૦૦ |
| | +૧૧૦૦ | +૫૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૯.૬૯ | ₹૧૨૦.૧૮ |

## રાજયમાં ટુંક સમયમાં પાર્કીંગ પોલીસી આવશે

ગુજરાતમાં ટ્રાફીક અને પાર્કીંગ સૌથી મોટી સમસ્યા છે અને માર્ગો પરના દબાણો તથા કોઈ ટ્રાફીક નિયમોનું પાલન નહી કરવાની એક વિશાળ વર્ગની મનોવૃતિથી તે સમસ્યા વકરાવે તે હવે જયારે ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય સ્તરના બે ઈવેન્ટ આગામી વર્ષોમાં આવી રહ્યા છે તો અમદાવાદ સહિત રાજયના મહાનગરપાલિકા ક્ષેત્રમાં ખાસ કરીને સોસાયટી કે શોપીંગ સેન્ટર સહિતના ક્ષેત્રોમાં પાર્કીંગ ફકત નિશ્ચિત કરેલા અને માર્કીંગવાળા ક્ષેત્રમાંજ વાહનોના પાર્કીંગની છુટ અપાશે અને જો તેની બહાર પાર્ક થયા હશે તો તેમાં વાહન 'ટો' કરવા સહિતના પગલા લેવાશે.

અમદાવાદ મહાનગરપાલિકાએ આ અંગે એક સ્પષ્ટ આદેશ દરેક સોસાયટી, શોપીંગ સેન્ટર તથા અન્ય સ્થળોએ જે પાર્કીંગ એરીયા છે તે સ્થળોએ જ પાર્કીંગ થાય તે જોવા જણાવ્યુ છે. શોપીંગ સેન્ટરની સોસાયટીઓ કે જાહેર માર્ગો પર જે ફુટપાથ નિશ્ચિત થયેલી છે ત્યાં પાર્કીંગ કરી શકાશે નહી કે માર્ગ પર કયાય પાર્કીંગ કરી શકાશે નહી. શોપીંગ સેન્ટરમાં જે પાર્કીંગ એરીયા દર્શાવાયા છે તેનો સોસાયટીના કમ્પાઉન્ડ કે તેવા તેની માલીકના ક્ષેત્રમાં જ પાર્કીંગ અને તે સ્થળો પર જો કોઈ બેરીકેડ કે પછી ચેઈન અથવા અન્ય આડસ ઉભી કરવામાં આવી છે તે દુર કરવાની રહેશે અને ત્યાં કોઈ પણ પ્રકારના સામાન કે ડિસપ્લે રાખી શકાશે નહી.

# ભારત હિન્દુ રાષ્ટ્ર જ છેઃ મોહન ભાગવત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાષ્ટ્રીય સ્વયંમસેવક સંઘના વડા મોહન ભાગવતે એક મહત્વના વિધાનમાં ભારત 'હિન્દુ' રાષ્ટ્ર જ છે તેવું જણાવીને ઉમેર્યુ હતું કે આ માટે કોઈ બંધારણીય મંજુરીની જરૂર નથી. અનેક વખત હિન્દુત્વ- ભારતીય સંસ્કૃતિ અને દેશને ફરી વિશ્વગુરૂ તરીકે સ્થાપવા માટે રાષ્ટ્રીય સ્વયંમસેવક સંઘની ભૂમિકા પર સ્પષ્ટ વિચારો સાથે રજુ થતા શ્રી ભાગવતે એ પણ ઉમેર્યુ કે જયાં સુધી ભારત તેની સાંસ્કૃતિક વિરાસતને તથા ભૂતકાળની જે ભવ્યતા છે તેને જાળવી રાખવા તેને સમૃદ્ધ બનાવવા સતત કાર્ય કરતુ રહેશે ત્યાં સુધી તે હિન્દુ રાષ્ટ્ર બની જ રહેશે.

ભાગવતે કહ્યુ કે સૂર્ય પુર્વમાંજ ઉગે છે કયારથી તે શરૂ થયું તે આપણે જાણતા નથી તો શું ભારતને હિન્દુ રાષ્ટ્ર તરીકે બંધારણીય માન્યતાની જરૂર છે તેવો પ્રશ્ન શ્રી ભાગવતે પૂછ્યો હતો.



હિન્દુસ્તાન એ હિન્દુ રાષ્ટ્ર જ છે જે કોઈ ભારતને તેની માતૃત્વની તેના સાંસ્કૃતિક વારસાને સ્વીકારે તે હિન્દુ છે અને તે રીતે ભારત એ હિન્દુ રાષ્ટ્ર છે. હાલ પ.બંગાળના પ્રવાસે રહેલા ભાગવતે એક પત્રકાર પરિષદમાં આ વિધાનો કર્યા હતા.

ભાગવતે કહ્યું કે સંઘની વિચારધારા ચુસ્ત રીતે હિન્દુત્વની છે અને ભારતને હિન્દુ રાષ્ટ્ર તરીકે સંસદ જાહેર કરે કે ન કરે તેની ચિંતા કરતા નથી. સંસદ તે કરે તો સારુ છે પણ અમો તેની રાહ જોતા નથી. આ સત્ય છે અને જ્ઞાતિપ્રથાએ જન્મથી નિશ્ચિત થાય છે તેને હિન્દુત્વનો કોઈ સિકકો ગણી શકાય નહી. તેઓએ કહ્યું કે આરએસએસ એ મુસ્લીમ વિરોધી ભૂમિકા ધરાવતા નથી. સંઘ હંમેશા પારદર્શકતાથી કામ કરે છે. કોઈને શંકા હોય તો તે આવીને જોઈ શકે છે.

તેઓ ગમે ત્યારે આવીને જોઈ શકો છો. જો તમને એવું કંઈ લાગે તો તમારા વિચારો રજુ કરો અને જો ન લાગે તો તમારા વિચારો બદલો સંઘ માંની સમજવાનું ઘણું છે પણ જો તમો સમજવા માંગતા ન હો તો કોઈ તમારી માનસીકતા બદલી શકે નહી.

તેઓએ પ.બંગાળમાં બાબરી મસ્જીદ બાંધકામ માટે થઈ રહેલી તૈયારીને રાજકીય હેતુ ગણાવતા કહ્યું કે ચુંટણી લાભ માટે ફરી બાબરી મસ્જીદનો મુદો ઉછાળવામાં આવી રહ્યો છે.

આ પ્રકારે બાબરી મસ્જીદનું બાંધકામ મત મેળવવા માટે છે તે હિન્દુ કે મુસ્લીમ કોઈના હીતમાં નથી. આ વિવાદ પુરો થવા આવ્યો હતો અને સર્વત્ર સુમેળની સ્થિતિ હતી પણ ફરી ભાગલાની કોશીશ થઈ રહી છે. આ પ્રકારના કામ મતો માટે થાય છે જે થવા જોઈએ નહી. તેઓએ બાંગ્લાદેશમાં હિન્દુઓએ એકતા દર્શાવવી પડશે તેવું પણ મંતવ્ય દર્શાવ્યુ હતું.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦ જાન્યુ.એ રાજકોટમાંઃ ભવ્ય રોડ શો યોજાશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના પ્રવાસે આવશે. જેમાં સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટની મુલાકાત કરશે. આગામી ૧૦ જાન્યુઆરીના વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટની મુલાકાત કરશે. સૌરાષ્ટ્ર ઝોન વાઈબ્રન્ટ ગુજરાતના ઓપનિંગ સેરેમનીમાં હાજરી આપશે. રાજકોટમાં નરેન્દ્રભાઇ મોદીના ભવ્ય રોડ શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાનના આગમની તૈયારીઓ જવાબદારી મનપા કમિશનરને સોંપવામાં આવી છે.

૧૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે જેથી તંત્ર કામે લાગ્યું છે. રાજકોટની મારવાડી યુનિવર્સિટીમાં ૧૦થી ૧૨ જાન્યુઆર, ૨૦૨૬ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ રિજનલ વાઈબ્રન્ટ



સમિટ યોજાવાની છે જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજર રહેશે.


વડાપ્રધાનના આગમનને લઈ પીજીવીસીએલ સામે સૌથી મોટો પડકાર વીજ પુરવઠો ન ખોરવાય તે માટેનો છે. જે માટે એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ ડિપાર્ટમેન્ટના અધિક મુખ્ય સચિવ હૈદર તેમની ટીમ સાથે મારવાડી યુનિવર્સિટીની સ્થળ વિઝિટ કરી ચૂકયા છે. આ સાથે જ આ સમિટમાં ઉર્જા વિભાગમાં ગ્રીન ઈકો સિસ્ટમ અને રિન્યુએબલ એનર્જી એટલે કે, સૂર્ય આધારિત ઝીરો કાર્બન મેથડથી પાવર જનરેટ અંગે લોકોને જાગૃત કરવામાં આવશે.

# ફૂટબોલના દિગ્ગજ ખેલાડી મેસ્સીને ભારત પ્રવાસના વિવિધ કાર્યક્રમો માટે ૮૯ કરોડ ચુકવાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ફૂટબોલનો દિગ્ગજ ખેલાડી લિયોનેલ મેસીના તાજેતરના ભારત પ્રવાસ દરમિયાન કોલકાતા અને હૈદરાબાદ જેવા શહેરોમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. કોલકાતાના સોલ્ટ લેક સ્ટેડિયમમાં સર્જાયેલી અફરાતફરી અને તોડફોડની ઘટના બાદ, સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે. ઈવેન્ટના મુખ્ય આયોજક સતાદ્રુ દત્તાની ધરપકડ બાદ હવે આ ઈવેન્ટના બજેટ અને મેસીની નારાજગીના કારણો બહાર આવ્યા છે.

તપાસ દરમિયાન આયોજક સતાદ્રુ દત્તાએ કબૂલાત કરી છે કે, લિયોનેલ મેસીના આ ભારત પ્રવાસ પાછળ કુલ ૧૦૦ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ થયો હતો. આ કુલ



બજેટમાંથી ૮૯ કરોડ રૂપિયા મેસીને ફી તરીકે ચૂકવવામાં આવ્યા હતા, જ્યારે બાકીના ૧૧ કરોડ રૂપિયા ભારત સરકારને ટેક્સ પેટે ભરવામાં આવ્યા હતા.

દત્તાએ આ રકમના સ્ત્રોત અંગે વધુમાં જણાવ્યું કે, કુલ ખર્ચના ૩૦ ટકા સ્પોન્સર્સ દ્વારા અને બીજા ૩૦ ટકા ટિકિટના વેચાણ દ્વારા એકત્ર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન, અધિકારીઓને દત્તાના ફ્રીઝ કરાયેલા બેન્ક ખાતામાંથી ૨૦ કરોડ રૂપિયાથી વધુની રકમ મળી આવી છે, જે આ આખા વ્યવહારમાં ક્યાંથી આવી તેની હાલ ઝીણવટભરી તપાસ ચાલી રહી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, લિયોનેલ મેસી નિર્ધારિત સમય પૂરો થાય તે પહેલાં જ સ્ટેડિયમ છોડીને રવાના થઈ ગયો હતો, જેની પાછળનું મુખ્ય કારણ ત્યાં હાજર લોકોનું અયોગ્ય વર્તન હતું.

આયોજક સતાદ્રુ દત્તાએ ખુલાસો કર્યો હતો કે, મેસીને કોઈ અજાણી વ્યક્તિ દ્વારા પીઠ પર સ્પર્શ કરવો કે ગળે લગાવવું બિલકુલ પસંદ નથી અને તેની સુરક્ષા ટીમે આ બાબતે આયોજકોને અગાઉથી કડક સૂચનાઓ આપી હતી.

# ડોનાલ્ડ ટ્રમ્પનો ફરી ઝાટકોઃ વિશ્વના વિવિધ દેશોમાં રહેલા 30 રાજદૂતોને પાછા બોલાવવાનો નિર્ણય

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળની શરૂઆત પહેલા જ વિદેશ મંત્રાલયમાં મોટો ઉલટફેર કર્યો છે. ટ્રમ્પ વહીવટીતંત્રે વિશ્વના વિવિધ દેશોમાં તૈનાત ૩૦ જેટલા વરિષ્ઠ રાજદૂતોને પાછા બોલાવવાનો નિર્ણય લીધો છે. આ તમામ રાજદ્વારીઓની નિમણૂક જો બાઈડનના કાર્યકાળ દરમિયાન કરવામાં આવી હતી.

સ્ટેટ ડિપાર્ટમેન્ટના સૂત્રોના જણાવ્યા અનુસાર, ગયા અઠવાડિયે ઓછામાં ઓછા ૨૯ દેશોમાં તૈનાત રાજદૂતોને જાણ કરવામાં આવી છે કે તેમની સેવાઓ જાન્યુઆરીમાં પૂર્ણ થશે. બુધવારથી જ વોશિંગ્ટન દ્વારા આ તમામ અધિકારીઓને નોટિસ મોકલવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જોકે, આ ફેરફારથી પ્રભાવિત રાજદૂતોની નોકરીઓ જશે



નહીં, તેઓ વોશિંગ્ટન પરત ફરીને અન્ય વિભાગોમાં પોતાની સેવાઓ આપી શકશે.

અમેરિકન વિદેશ વિભાગ દ્વારા આ ફેરબદલને એક 'સામાન્ય પ્રક્રિયા' તરીકે ઓળખાવવામાં આવી હોવા છતાં, જે રીતે ૩૦ દેશોમાંથી રાજદૂતોને પરત બોલાવવામાં આવ્યા છે તેના પરથી વૈશ્વિક સ્તરે મોટા ફેરફારોના સંકેત મળી રહ્યા છે. આ નિર્ણયની સૌથી વ્યાપક અસર આફ્રિકન ખંડ પર જોવા મળી રહી છે, જ્યાં નાઈજીરિયા, સોમાલિયા, યુગાન્ડા, સેનેગલ અને રવાન્ડા સહિત કુલ ૧૩ દેશોમાંથી અમેરિકન રાજદૂતોને હટાવવામાં આવ્યા છે.

એશિયામાં પણ ફિલિપાઈન્સ, વિયેતનામ અને ફિજી જેવા ૬ મહત્ત્વના દેશોમાં ફેરફાર કરાયા છે, જ્યારે યુરોપના આર્મેનિયા અને સ્લોવાકિયા જેવા દેશો પણ આ યાદીમાં સામેલ છે. ભારત માટે આ ઘટનાક્રમ ખાસ મહત્ત્વનો છે કારણ કે પાડોશી દેશ નેપાળ અને શ્રીલંકામાંથી પણ બાઈડન કાળના રાજદ્વારીઓ હટાવવામાં આવ્યા છે.

ટ્રમ્પ વહીવટીતંત્રનું આ આક્રમક પગલું સ્પષ્ટ કરે છે કે તેઓ જૂના માળખાને બદલીને પોતાની નવી અને 'અમેરિકા ફર્સ્ટ' નીતિને વરેલી ટીમને મેદાનમાં ઉતારવા માટે સજ્જ છે.

# જમ્મુ-કાશ્મીરમાં ચિલ્લાઇ કલાનના પ્રારંભે જબરદસ્ત હિમવર્ષા થતા રસ્તાઓ બંધ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા-ઝરમર વરસાદ અને મેદાની વિસ્તારમાં ધુમ્મસની સાથે શીતલહેરથી કડકડતી ઠંડીમાં વધારો થયો છે. ગુલમર્ગમાં ભારે હિમવર્ષાથી રસ્તા બંધ થઇ ગયા છે.

અહીં ચિલ્લાઇ કલાનના પ્રારંભે જ જબરદસ્ત હિમવર્ષા થઇ છે. પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને બિહારમાં ધુમ્મસના કારણે દ્રશ્યતા વિજિબિલિટી ઘટવાથી વાહન રેલ, વાહન અને વિમાનની અવરજવરને અસર થઇ છે.

વૈષ્ણોદેવીમાં ધુમ્મસના કારણે કટડા-સાંઝીછત હેલિકોપ્ટર સેવાને અસર થઇ છે તો ધુમ્મસના કારણે સર્જાયેલા અકસ્માતોના કારણે ઉત્તર પ્રદેશમાં ૯ લોકોના મોત થયા છે.



જમ્મુ-કાશ્મીરમાં રવિવારે પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા અને મેદાની પ્રદેશોમાં વરસાદના કારણે ઠંડીનો પ્રકોપ વધ્યો હતો. બીજીબાજુ દિલ્હી, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશને રવિવારે ગાઢ ધૂમ્મસથી કોઈ છુટકારો મળ્યો નહોતો અને ગાઢ ધુમ્મસથી વિઝિબિલિટી અત્યંત ઘટી ગઈ હતી.

રાજ્યમાં વિવિધ અકસ્માતોમાં કુલ નવ લોકોનાં મોત નીપજ્યાં હતા. બીજીબાજુ દિલ્હીમાં ધુમ્મસના કારણે રવિવારે એરપોર્ટ ઓથોરિટીને ૧૦૫થી વધુ ફ્લાઈટ્સ રદ કરવાની ફરજ પડી હતી અને ૪૫૦થી વધુ ફ્લાઈટના કાર્યક્રમો ખોરવાયા હતા.

ઉત્તર પ્રદેશમાં રવિવારે પાછોતરી હવાઓના કારણે ભયાનક ઠંડી પડી હતી. શીતલહેર અને ગાઢ ધુમ્મસના કારણે લોકોની મુશ્કેલીઓ વધી ગઈ હતી. આગરા, અલિગઢ, બારાબંકીમાં વિઝિબિલિટી શૂન્ય રહી હતી.

રવિવારે સુલતાનપુર ૪.૭ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. આ સિવાય શીત લહેર અને ગાઢ ધુમ્મસના કારણે સર્જાયેલા અકસ્માતોમાં કાનપુરમાં ચાર, બરેલીમાં બે, બાંદામાં બે અને વારાણસીમાં એકનાં મોત નીપજ્યાં હતા.

હવામાન વિભાગે જમ્મુ, કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશના ઉત્તર-પૂર્વના પર્વતીય વિસ્તારોમાં સોમવાર સુધી હિમપ્રપાત સાથે હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદને આગાહી કરી છે.

ઊંચાણવાળા વિસ્તારોમાં હિમ-વર્ષાના કારણે જમ્મુને કાશ્મીર સાથે જોડવાની વૈકલ્પિક સુવિધા પૂરી પાડતા મુઘલ અને સિનથાન ટોપ માર્ગો પર ટ્રાફિક સસ્પેન્ડ કરી દેવાયો હતો.

# સુરતમાં ૭ વર્ષની દીકરીને દીક્ષા ન અપાવવા માતાને કોર્ટમાં એફિડેવિટ કરવા આદેશ

**મુખ્ય સમાચાર, સુરત**

અગાઉ સુરત શહેરમાં રહેતા અને શેરબજારનું કામકાજ કરતા એક પિતાએ પોતાની સાત વર્ષની દીકરીને અપાનારી દીક્ષા અટકાવવા ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. સાત વર્ષની દીકરીને દીક્ષા અપાવવા માટે માતા અડગ હતી, જ્યારે પિતાનો વિરોધ હોઈ, દંપતી વચ્ચે વિવાદ થયો હતો જે મામલે આજે સુનાવણી હાથ ધરાઈ હતી.

માતા પોતાની દીકરીને લઈને છ મહિનાથી અલગ રહેવા લાગી છે અને ૭ વર્ષીય દીકરીને આગામી ૮મી ફેબ્રુઆરીએ મુંબઈમાં યોજાનારા સામૂહિક દીક્ષા મહોત્સવમાં દીક્ષા અપાવવાનો નિર્ણય કર્યો છે, જે રોકવા માટે પિતાએ સુરતની ફેમિલી કોર્ટમાં પત્ની વિરુદ્ધ અરજી દાખલ




કરી છે. નોંધનીય છે કે ૭ મહિના પહેલાં આ પ્રકારનો જ એક કિસ્સો સુરતમાં સામે આવ્યો હતો, જેમાં ૧૨ વર્ષીય કિશોરની દીક્ષાને લઈ દંપતી વચ્ચે વિવાદ થતાં મામલો કોર્ટમાં પહોંચ્યો હતો.

આ અંગે દીકરીના પિતાએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું કે, મારી પત્ની સમજી ગઈ હોત તો આ બાબત કોર્ટમાં આવત નહીં. અમે દીકરી મોટી થાય પછી દીક્ષા અપાવવા તૈયાર હતા. છેલ્લા ૭ મહિનાથી આ ઘટનાની શરૂઆત થઈ છે. વેકેશન પડ્યું એટલે મારી વાઈફે દીકરી તૈયાર થઈ જાય એટલે મહારાજ સાહેબ પાસે રહેવા મોકલી દીધી. પછી તે પિયર ચાલી ગઈ હતી. એક જ શરત હતી કે, દીકરીને જો દીક્ષા માટે હા પાડો તો જ ઘરે પાછી આવીશ.

વકીલ સ્વાતિ મહેતાએ કોર્ટમાં રજૂ કરવામાં આવનારી તેમની મુખ્ય દલીલો વિશે જણાવ્યું હતું કે નાની ઉંમરની બાળકીના દીક્ષા ન થાય એ માટે અમે દલીલો કરીશું અને મનાઈહુકમ મળે એ માટે તજવીશ કરીશું. વકીલનું ધ્યાન બાળકીના કલ્યાણ અને તેના અધિકારો પર કેન્દ્રિત છે, કારણ કે આટલી નાની ઉંમરે સંયમ માર્ગ પર જવાનો નિર્ણય બાળકી જાતે લઈ શકે એમ નથી. કાયદાકીય માળખામાં બાળકના હિતનું રક્ષણ થાય એ માટે કોર્ટ સમક્ષ પ્રયત્ન કરવામાં આવશે.

# જામનગરમાં ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસી દ્વારા પદયાત્રા યોજાઇ




**મુખ્ય સમાચાર, જામનગર**

ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ ની જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે તેમના જીવનના રાષ્ટ્રીય એકતા, અનુશાસન અને શિસ્તના ગુણોને અનુસરવાના સંકલ્પ સાથે જામનગરના ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસી દ્વારા રણમલ તળાવથી સરદાર પટેલની પ્રતિમા રણજીતનગર સુધી આજરોજ સવારે પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧૭ કેડેટ્સ ૭ એએનઓ/સીટીઓ અને ૧૦ પીઆઇ સ્ટાફ જોડાયા હતા.

# જામનગરમાં મોટર સાયકલ ચોરને રૂ.૧,૪૦,૦૦૦ ના મુદામાલ સાથે પકડી ચાર વાહન ચોરીનો ભેદ ઉકેલતી એલ.સી.બી.



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીએ વણશોધાયેલ ચોરીઓના ગૂના શોધી કાઢવા એલ.સી.બી.પો.ઇન્સ.ને સુચના કરેલ હોય,જેથી એલ.સી.બી.ના પોલીસ ઇન્સ.વી.એમ.લગારીયા નાઓના માર્ગદર્શન મુજબ એલ.સી.બી.ના પો.સબ.ઇન્સ સી.એમ.કાટેલીયા તથા પો.સબ.ઇન્સ પી.એન.મોરી તથા સ્ટાફના માણસો જામનગર શહેર વિસ્તારમાં વણશોધાયેલ ચોરીઓના ગૂના શોધી કાઢવા અંગે પેટ્રોલીંગમા હતા.

દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના દિલીપભાઇ તલાવડીયા,કાસમભાઇ બ્લોચ,હિતેન્દ્રસિંહ જાડેજા તથા રૂષિરાજસિંહ વાળા ને મળેલ બાતમી હકિકત આધારે જામનગર શહેરમા ખોડીયાર કોલોની અંધાશ્રમ આવાસ પાસેના બ્રીજ પાસેથી આરોપી.અલબાજ ઉર્ફે અરબાજ ફારૂકભાઇ કટારીયા કબ્જામાંથી ચાર વાહન કિ.રૂ. ૧,૪૦,૦૦૦સાથે પકડી પાડી મજકુર આરોપી વિરુધ્ધ પો.હેડ કોન્સ.યુવરાજસિંહ ઝાલાએ કાયદેસર ની કાર્યવાહી કરેલ છે.

પકડાયેલ આરોપી.અલબાજ ઉર્ફે અરબાજ ફારૂકભાઇ કટારીયા રહે.કાલાવડ નાકા બહાર, ખાટકી વાડ જામનગર પકડવાનો બાકી આરોપી.અનવર ઉર્ફે અનુ ઉર્ફે ચકેડી ઇસ્માઇલભાઇ સીપાઇ રહે. ગુલાબનગર વાંઝાવાસ,શોધી કાઢેલ ગુનાઓ.જામનગર સીટી સી ડીવી પો.સ્ટે. ગુરન. ૧૧૨૦૨૦૦૨૨૫૨૩૫૬.૨૦૨૫ બીએનએસ કલમ ૩૦૩(૨)(વાહન ચોરીજામનગર સીટી એ ડીવી પો.સ્ટે. ગુરન.૧૧૨૦૨૦૦૮૨૫૨૪૬૪/૨૦૨૫ બીએનએસ કલમ ૩૦૩(૨) (વાહન ચોરી.જામનગર સીટી એ ડીવી પો.સ્ટે. ગુરન ૧૧૨૦૨૦૦૮૨૫૨૪૭૮/૨૦૨૫ બીએનએસ કલમ ૩૦૩(૨) (વાહન ચોરી.જામનગર સીટી બી ડીવી પો.સ્ટે. ગુરન ૧૧૨૦૨૦૦૯૨૫૨૯૨૮/૨૦૨૫ બીએનએસ કલમ ૩૦૩(૨) વાહન ચોરીઆરોપી:- અલબાજ ઉર્ફે અરબાજ ફારૂકભાઇ કટારીયા ગૂનાહિત ઇતિહાસ.જામનગર સીટી સી ડીવી પો.સ્ટે.ગુરન-૧૧૨૦૨૦૦૨૨૪૦૦૦૬/૨૦૨૪ ઇ.પી.કો કલમ-૩૭૯(એ),૧૧૪ ચીલ ઝડપ

૨) જામનગર સીટી સી ડીવી પો.સ્ટે. ગુરન ૧૧૨૦૨૦૦૨૨૫૧૧૦૨.૨૦૨૫ બી.એન.એસ કલમ-૧૧૫(૨),૩૨૫,૧૮૯(૨),૧૮૯(૪),૧૯૧(૩),૧૯૦,જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) ,એટ્રોસીટી એક્ટ કલમ-૩(૫),૩(૧-આર),૩(૨),૫

જામનગર સીટી બી ડીવી પો.સ્ટે. ગુરન ૧૧૨૦૨૦૦૯૨૪૦૦૦૪/૨૦૨૪ ઇ.પી.કો કલમ-૩૭૯,૧૧૪.જામનગર સીટી એ ડીવી પો.સ્ટે. ગુરન ૧૧૨૦૨૦૦૮૨૫૧૫૪૦.૨૦૨૪ ઇ.પી.કો કલમ-૩૦૩(૨)૫૪ એમ.ઓ.આરોપી.અલબાજ ઉર્ફે અરબાજ ફારૂકભાઇ કટારીયા જે જામનગર શહેરમા મોડી રાત્રી ના રખડતો ભટકતો હોય,અને કોઇ રહેણાક મકાન કે,દુકાન બહાર મોટર સાયકલ પડેલ હોય તે મો.સા.ને ચોરી કરી,આ ચોરી કરેલ મોટર સાયકલ દોરીને તેમના રહેણાક મકાન કે સહઆરોપીના રહેણાક ડેલે લઇ જઇ મોટર સાકયલ રાખી દેતા ત્યાર બાદ મોટર સાયકર ને ડાયરેકટ કરી કે, ડુપ્લીકેટ ચાવી નો ઉપયોગ કરી મોટર સાયકલ ચલાવતા હતા.આ કાર્યવાહી પો.ઇન્સ. વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ. સી.એમ.કાંટેલીયા તથા પો.સ.ઇ. પી.એન.મોરી તથા એલ.સી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઇ પટેલ, હીરેનભાઇ વરણવા, શરદભાઇ પરમાર, દિલીપભાઇ તલવાડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, કાસમભાઇ બ્લોચ, અરજણભાઇ કોડીયાતર, ધનશ્યામભાઇ ડેરવાળીયા, યુવરાજસિંહ ઝાલા,ભરતભાઇ ડાંગર, મયુદીનભાઇ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, સુમીતભાઇ શીયાર, નિર્મળસિંહ જાડેજા, ભયપાલિંહ જાડેજા, રૂષીરાજસિંહ વાળા,મયુરસિંહ પરમાર, અરજયભાઇ વીરડા, ધમેન્દ્રસિંહ જાડેજા, સુરેશભાઇ માલકીયા, દયારામ ત્રિવેદી,બીજલભાઇ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા, ભારતીબેન ડાંગર વિગેરે દ્વારા કરવામા આવેલ છે.

# ટંકારા નજીક એસએમસીની રેઇડમાં ટ્રકમાંથી ૩૦૫૯ બોટલ વિદેશી દારૂ-બિયર જપ્ત, બે ઝડપાયા, આઠ ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ૩૧ ડિસેમ્બર પૂર્વે મોરબી જીલ્લામાં દારૂની રેલમછેલ કરવા મંગાવવામાં આવેલ જંગી વિદેશી દારૂ-બિયરનો જથ્થો રાજ્યની સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ટંકારા તાલુકાના બંગાવડી ગામ નજીક ઝડપી લેવાયો છે. ટ્રક-ટ્રેઇલરમાંથી વિદેશી દારૂ-બિયર ૩૦૫૯ બોટલ/ટીન કિ.રૂ. ૪૨.૧૯ લાખ તથા વાહન-મોબાઇલ સહિત કુલ રૂ. ૬૨.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ચાલક તથા દારૂ મંગાવનાર મુખ્ય આરોપી સહિત બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે સંગઠિત ગેંગના અન્ય આઠ આરોપીઓને ફરાર જાહેર કરવામાં આવ્યા છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, સ્ટેટ મોનીટરીંગ સેલ જ્યાં પણ રેઇડ કરે છે ત્યાં સ્થાનિક જીલ્લા પોલીસની જવાબદારી અંગે પણ સવાલ ઊભા થતા હોય છે અને અગાઉ અનેક જીલ્લામાં સ્થાનિક પોલીસ અધિકારીઓ સામે કાર્યવાહી થયેલી છે. ત્યારે આ મોટા કાંડમાં મોરબી એલસીબી કે સ્થાનિક પોલીસ અધિકારીઓ સામે કોઈ કાર્યવાહી થશે કે કેમ, તે બાબતે આવનારા દિવસોમાં જોવું રહ્યું.

રાજ્યની સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ૩૧ ડિસેમ્બર પૂર્વે બુટલેગરો દ્વારા મંગાવવામાં આવેલ વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી લઈ મોટી સફળતા મેળવી છે, જેમાં પૂર્વ બાતમીના આધારે એસએમસીની ટીમે મોરબી જીલ્લાના ટંકારા તાલુકાના બંગાવડી ગામ નજીક રેઇડ કરી હતી. આ દરમિયાન ટ્રેઇલર ટ્રકમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂ વ્હિસ્કીની ૨૮૧૯ બોટલ અને બિયરના ૨૪૦ ટીન મળી કુલ ૩૦૫૯ નંગ વિદેશી દારૂ-બિયરનો જંગી જથ્થો કિ.રૂ.૪૨,૧૯,૦૫૭/- ઝડપી લેવામાં આવ્યો હતો. રેઇડ દરમિયાન ટ્રક ચાલક વિજયસિંહ કાલુસિંહ ચૌહાણ રહે. છીપોલા ગામ તાલુકો ભીમ જીલ્લો બ્યાવર રાજસ્થાન તથા દારૂનો જથ્થો મંગાવનાર મુખ્ય આરોપી યશપાલસિંહ ધનુભા જાડેજા રહે. ખાનપર તા.જી.મોરબી વાળાની ધરપકડ કરવામાં આવી હતી. વધુ તપાસમાં ટ્રક નંબર



એચઆર-૫૫-એએલ-૫૭૭૬ કિ.રૂ.૨૦ લાખ, બે મોબાઇલ ફોન, રોકડ રૂપિયા મળી કુલ રૂ. ૬૨,૨૯,૪૨૭/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પકડાયેલ બંને આરોપીઓની પૂછપરછમાં દારૂનો જથ્થો ખરીદનાર આરોપી બ્રિજરાજસિંહ ઉર્ફે ક્રિપાલસિંહ ખુમાનસિંહ જાડેજા રહે. ગામ પીઠળ તા.જોડીયા જી.જામનગર, જથ્થો મોકલનાર આરોપી સંદિપ સાંધવાલ ઉર્ફે રૂત્વિક રહે.હરિયાણા, આરોપી પુનિત વીજ (સંદીપનો માણસ)રહે. હરિયાણા, સલીમભાઈ કાદરી અને અયુબભાઈ શેખ બન્ને બ્રિજરાજસિંહના માણસો રહે.જંગલેશ્વર રાજકોટ, ટ્રકનો માલીક, ટ્રકનું પાયલોટિંગ કરનાર ક્રેટા કારના ચાલક-માલિક સહિત કુલ આઠ અન્ય આરોપીઓના નામ સામે આવ્યા છે. ત્યારે તમામ મળી કુલ ૧૦ આરોપી તથા તપાસમાં બહાર આવે તે આરોપીઓ સામે ટંકારા પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટની કલમ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# જામનગર ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક રાજેન્દ્રકુમાર દેવધાનેની બઢતી સાથે નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે બદલી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ગ્રામ્ય વિભાગ ના નાયબ પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા રાજેન્દ્ર દેવધાને તેમની ઉત્તમ સેવા, કર્મનિષ્ઠતા અને શિસ્તબદ્ધ કામગીરી બદલ બઢતી આપવામાં આવી છે. બઢતી સાથે તેમને નર્મદા જિલ્લાના રાજપીપળામાં વિભાગીય પોલીસ અધિકારી તરીકે જવાબદારી સંભાળવાની રહેશે.રાજેન્દ્ર દેવધા એ જામનગર ગ્રામ્ય વિસ્તારમાં ફરજ દરમ્યાન કાયદો-વ્યવસ્થા જાળવવામાં, ગુનાખોરી નિયંત્રણમાં તથા જનસંપર્ક વધારવામાં પ્રશંસનીય કામગીરી કરી છે. તેમની કાર્યપદ્ધતિ હંમેશા નિષ્ઠાવાન, સમયસર અને પરિણામલક્ષી રહી છે. જેના કારણે અધિકારીઓ તેમજ



સ્થાનિક જનતા તરફથી વખાણ પ્રાપ્ત થયા છે.

નર્મદા જિલ્લાના રાજપીપળામાં વિભાગીય પોલીસ અધિકારી તરીકે રાજેન્દ્ર દેવધા પોતાના અનુભવ અને નેતૃત્વથી પોલીસ તંત્રને વધુ સશક્ત બનાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. જામનગર ગ્રામ્ય પોલીસ પરિવાર તરફથી તેમને નવી જવાબદારી માટે હાદિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# પ્રતિબંધિત ગોગો સ્મોકીંગ કોન તથા ગોગો પેપરની પટી કબજે કરી લેતી એસઓજી ટીમ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તથા મોટી ખાવડીમાં એસઓજી ટીમે પ્રતિબંધિત ગોગો સ્મોકીંગ કોન પકડવા પાડેલા દરોડામાં પાનની બે દુકાનમાંથી સ્મોકીંગ કોન મળ્યા છે. એક દુકાનમાંથી ગોગો પેપરની સાત પટી પણ ઝડપાઈ ગઈ છે.સમગ્ર રાજ્યમાં નશાકારક પદાર્થનું સેવન કરવાના ઉપયોગમાં લેવાતા રોલીંગ પેપર, ગોગો સ્મોકીંગ કોન જેવી વસ્તુઓનો ઉપયોગ થતો હોવાની વિગતો પ્રકાશમાં આવતા અને આવી ચીજવસ્તુઓ પાનની દુકાનો, ચાની દુકાનો, કરિયાણાની દુકાનોમાં વેચાણ થતી હોવાની જાણકારી મળતા ગૃહવિભાગ દ્વારા આવી વસ્તુઓને પકડી પાડવા અને તેનું વેચાણ ન થાય તે માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવતા સમગ્ર રાજ્યની પોલીસ હરકતમાં આવી છે.તે દરમિયાન જામનગર જિલ્લાના ઈન્ચાર્જ એસપી પ્રતિભાની સુચનાથી ચકાસણી માટે એલસીબી, એસઓજીને આદેશ



કરાતા પીઆઈ વી.એમ. લગારીયાના વડપણ તથા પીએસઆઈ એ.વી. ખેર તથા પોલીસ ટીમો દ્વારા ચેકીંગ કરાઈ રહ્યું છે.તે દરમિયાન ગુલાબનગર નજીક પહેલા ઢાળીયા પાસે આરઝુ પાન નામની દુકાન ચલાવતા અહેમદશા શબ્બીરશા શાહમદાર નામના શખ્સને ત્યાં ચકાસણી કરાતા ત્યાંથી ૩૫ નંગ ગોગો સ્મોકીંગ કોન અને ગોગો પેપરની સાત પટી મળી આવી હતી. જ્યારે મોટી ખાવડી નજીક રામબાબુ ગુપ્તા પાનની દુકાનમાંથી ૨૯ નંગ ગોગો સ્મોકીંગ કોન મળી આવ્યા હતા. બંને દુકાનદારો સામે પોલીસે

# મોરબીમાં આઇસગેટ પોર્ટલ ફ્રોડનો પર્દાફાશ કરનાર મોરબી પોલીસનો સિરામિક એસોસિએશને આભાર માન્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ભારત સરકારના આઇસગેટ પોર્ટલમાં થયેલી કરોડો રૂપિયાની છેતરપિંડીનો પર્દાફાશ કરી મોરબી સાયબર ક્રાઇમ પોલીસે મોટી રકમ રીકવર કરી ફરીયાદીને પરત અપાવી છે. નામદાર કોર્ટના હુકમ મુજબ ''તેરા તુજકો અર્પણ'' અંતર્ગત રકમ પરત મળતા મોરબી સિરામિક એસોસિએશને એસપી સાથે રૂબરૂ મુલાકાત કરી, મોરબી પોલીસનો આભાર વ્યક્ત કર્યો છે.

વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીનો એક ગુન્હો નોંધાયો હતો, જેમાં ફરીયાદીની બોન્ઝા વિટ્રીફાઇડ કંપનીના નામે



બોગસ ઇ-મેઇલ આઇડી તથા મોબાઇલ નંબરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આરોપીઓએ આ બોગસ વિગતોના આધારે ભારત સરકારના આઇસગેટ પોર્ટલ પર યુઝર રજીસ્ટર કરી સરકારની આઇસગેટ સ્કીમ અંતર્ગત મળેલ રોડટેપ સ્ક્રિપ નંગ ૨૯ કિં.રૂ. ૭૧,૪૫,૬૧૬/- ની છેતરપિંડી કરી હતી. આ ગુન્હાની ગંભીરતા જોતા તપાસ મોરબી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી હતી. સાયબર ક્રાઇમ પીઆઇ દ્વારા અલગ-અલગ રાજ્યોમાં તપાસ હાથ ધરવામાં આવી અને સતત પ્રયત્નો દ્વારા રૂ.૪૧,૮૧,૬૮૦/- ની રકમ રીકવર કરવામાં સફળતા મળી હતી. જે બાદ નામદાર કોર્ટના હુકમ મુજબ ''તેરા તુજકો અર્પણ'' યોજના અંતર્ગત રીકવર કરેલ રકમ ફરીયાદીને પરત અપાવવામાં આવી હતી. આ સફળ કાર્યવાહી બદલ મોરબી સિરામિક એસોસિએશન દ્વારા જીલ્લા પોલીસ અધ્યક્ષ મુકેશ કુમાર પટેલ તથા સમગ્ર મોરબી પોલીસ ટીમનો હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

# ખારા બેરાજામાં ગેરકાયદે મોરમ ખનન, વાહનો કબજે કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ખંભાલીડા ગામની સીમમાંથી ગેરકાયદે મોરમના થતાં ખનન ઉપર ખાણ ખનીજ ખાતાની ટીમે દરોડો પાડીને રૂ.૧ કરોડનો મુદામાલ જપ્ત કર્યો હતો. જે બાદ શનિવારે પણ ખાણ ખનીજ વિભાગની ટીમના આનંદભાઈ, ભાવેશભાઈ, નૈતિકભાઈ, નિખિલભાઈ અને રમેશભાઈ ચેકીંગમાં હતા.ત્યારે જામનગર તાલુકાના ખારા બેરાજા ગામની સીમ વિસ્તારમાં મોરમનું ગેરકાયદે ખનન થતું હોય અને હાલ ચાલુ હોવાની માહિતીના આધારે દરોડો પાડ્યો હતો.સ્થળ પર મોરમનું ગેરકાયદે ખનન કરતા હિટાચી મશીન અને એક ડમ્પર મોરમના ભરેલા જપ્ત કરવામાં આવ્યા હતા. ટીમે રૂ.૫૦ લાખનો મુદામાલ જપ્ત કરીને નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# માળીયા(મી) પોલીસે ડ્રોન પેટ્રોલિંગના માધ્યમથી દેશી દારૂની અલગ અલગ બે ચાલુ ભઠ્ઠી ઝડપી પાડી

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) પોલીસે ડ્રોનના માધ્યમથી પેટ્રોલિંગ દરમ્યાન માળીયા તાલુકાના વીરવિદરકા ગામની સીમમાં નદીના કાંઠા પાસે દેશી દારૂની બે ભઠ્ઠી ચાલુ હાલતમાં ઝડપી પાડી હતી. બંને સ્થળેથી દેશી દારૂ, દારૂ બનાવવાનો આથો તથા ભઠ્ઠી સંબંધિત સામગ્રી સહિત કુલ રૂ. ૨,૫૮,૬૫૦/- નો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે. રેઇડ દરમ્યાન આરોપીઓ હાજર ન મળતા તેમના વિરુદ્ધ પ્રોહિબિશન હેઠળ ગુના નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

માળીયા(મી) પોલીસ દ્વારા ડ્રોનના માધ્યમથી વિસ્તારમાં પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું. તે દરમિયાન માળીયા તાલુકાના વીરવિદરકા ગામની સીમમાં નદીના કાંઠા પાસે દેશી દારૂની ભઠ્ઠી ચાલુ હોવાની બાતમી મળતા પ્રથમ રેઇડ કરવામાં આવી હતી. રેઇડ દરમ્યાન આરોપી અલ્તાફભાઈ હસણભાઇ સંઘવાણી રહે. વિરવિદરકા ગામ તા. માળીયા(મી) વાળાની દેશી દારૂ ઉતારવાની ભઠ્ઠી મળી આવી હતી. સ્થળ પરથી દેશી દારૂ ૪૬૦ લીટર, દારૂ બનાવવાનો આથો ૨૬૦૦ લીટર તેમજ ભઠ્ઠીને લગતી ચીજવસ્તુ મળી કુલ રૂ. ૧,૫૭,૧૦૦/- નો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. રેઇડ દરમ્યાન આરોપી હાજર ન મળતા તેના વિરુદ્ધ પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ ઉપરાંત બીજી રેઇડ દરમિયાન આરોપી મકબુલભાઇ ગફુરભાઇ સામતાણી રહે. વિરવિદરકા તા. માળીયા(મી) વાળાની દેશી દારૂ ઉતારવાની ભઠ્ઠી ચાલુ હોવાની બાતમીના આધારે કાર્યવાહી કરાઈ હતી. અહીંથી દેશી દારૂ ૩૭૦ લીટર, દારૂ બનાવવાનો આથો ૧૧૦૦ લીટર તથા ભઠ્ઠી સંબંધિત સામગ્રી મળી આવી હતી. કુલ રૂ. ૧,૦૧,૫૫૦/- નો મુદામાલ જપ્ત કરી આરોપી હાજર ન મળતા તેના વિરુદ્ધ પણ પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી માળીયા(મી) પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.



# ઉનાના દેલવાડા ખાતે કોળી સેના અગ્રણી પરષોતમભાઈ સોલંકીએ કાર્યકરો સાથે શુભેચ્છા મુલાકાત કરી

## મંત્રી પરસોત્તમભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને કારોબારી મિટિંગ મળી: લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉનાના દેલવાડા ખાતે આવેલ રાજ્યના મંત્રી પરસોતમભાઈ સોલંકીના નિવાસ સ્થાન મીરાં કુંજ ખાતે કોળી સેનાના ગીર સોમનાથ જીલ્લા તથા જુનાગઢ જીલ્લા પ્રમુખ દીપાબેન બાંભણીયા તથા રાજયના મંત્રી પરસોતમભાઈ સોલંકી નાનાઈટ અધ્યક્ષનાઈટ સ્થાને કોળી સેનાની કારોબારીની મિટિંગ મળી હતી આ તકે કોળી સેનાના જીલ્લા હોદેદારો તથા



કાર્યકરો બોહળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને જીલ્લા ના કોળી સેનાના તમામ હોદ્દેદારો તથા કાર્યકરોએ રાજ્યના મંત્રી પરસોતમભાઈ સોલંકીની તથા કોળી સેના પ્રમુખ દીપાબેન બાંભણીયાની શુભેચ્છા મુલાકાત કરી કોળી સેનાના તમામ હોદ્દેદારો તથા કાર્યકરો એ સાથે ભોજન ગ્રહણ હર્યુ હતું.

# ઉનાના નવાબંદરથી જખ્ખોબંદર સુધી સેટિંગ તેમજ સ્લીપર બસ ચાલુ કરવા રજૂઆત

## માછીમારોને પડતી તકલીફ દૂર કરવા સીદી ભાઈ હાસમભાઈની રજૂઆત

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના નવાબંદર, સૈયદ રાજપરા, સીમર, ખડા જેવા મોટા બંદરો આવેલા જેને લઈને બંદરના તથા આજુબાજુના ગામના મજુર વર્ગ વગેરે તથા બોટ માલીકો બોટના ખલાસીઓ અને વેપારી વર્ગ નિયમિત રીતે વારંવાર અવર જવર કરતા હોય અને ટ્રાફીક વાળો વિસ્તાર અને લાંબો રૂટ હોય હાલમાં દિવ થી જખોબંદર એકજ બસ ચાલતી હોય તેથી બસમાં જવા માટે ૧૦ થી ૧૫ દિવસ સુધી વેટીંગમાં રાહ જોવાની હોય છે. તેથી ગરીબ માચ્છીમારો તથા મજુર વર્ગ સમયસર ન પહોંચતા રોજીરોટી છીનવાય છીનવાઈ જતી હોય છે

આથી નવાબંદરથી જખાબંદર એસ. ટી. બસ ચાલુ કરવામાં આવે તો ભારે ટ્રાટીક મળી રહે અને એક નવો રૂટ ચાલુ થાય જેથી લોકોને સુવિધા મળે તેથી યોગ્ય નિર્ણય લઈ નવી બસ ચાલુ કરવા સાંસદ તેમજ ધારાસભ્યને રજૂઆત કરવામાં આવી છે

## મોરબીના ગોકુલનગર વિસ્તારના ઓરડીમાંથી વિદેશી દારૂના ૨૫ ચપલા પકડાયા, આરોપી ફરાર

મોરબીના ગોકુલનગર વિસ્તારમાં સીટી એ ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે આરોપી સુરજ સુખભાઈ સોલંકીની રહેણાંક ઓરડીમાંથી વિદેશી દારૂની રિઝર્વ વ્હિસ્કીની ૧૮૦મીલી.ની ૨૫ બોટલ કિ.રૂ.૪,૨૫૦/- ઝડપી લેવામાં આવી છે. રેઇડ દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા તેને ફરાર જાહેર કરી, એ ડિવિઝન પોલીસે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની અટક કરવા શોધખોળ શરૂ કરી છે.

## મોરબીમાં ગાંધી સોસાયટીના રહેણાંકમાંથી ઈંગ્લીશ દારૂની ૨૦ બોટલ સાથે એક પકડાયો

મોરબીમાં નજરબાગ વિસ્તારમાં આવેલ ગાંધી સોસાયટીમાં છેલ્લી શેરીમાં હિતેશભાઈ બોચિયાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો વેચાણ અર્થે રાખ્યો હોવાની મળેલ બાતમીને આધારે સીટી બી ડિવિઝન પોલીસે રેઇડ કરતા, જ્યાંથી ઈંગ્લીશજ દારૂની અલગ અલગ બ્રાન્ડ તેમજ ક્ષમતાની ૨૦ નંગ બોટલ કિ.રૂ. ૬,૨૫૦/- મળી આવી હતી. જેથી પોલીસે આરોપી મકાન માલીક હિતેશભાઈ પ્રેમજીભાઈ બોચિયા ઉવ.૨૭ ની અટકાયત કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબી પોલીસ ફરિયાદ પાછી લેવા પરિણીતાને વોટ્સએપ પર ધમકી: નણંદ સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી અગાઉ નોંધાયેલ રેપ કેસની ફરિયાદ પાછી ખેંચાવવા માટે પરિણીતાને તથા તેના પિતાને વોટ્સએપ પર ગાળો આપી ઉપાડી જવાની ધમકી આપવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. ત્યારે આ મામલે પરિણીતાની નણંદ સામે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી મહિલા વિરુદ્ધ ધમકી અને હેરાનગતિ મુજબની લાગુ પડતી કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી જીઆઇડીસી પાછળ ચિત્રકૂટ સોસાયટી મકાન નં. ૪૭માં રહેતા મૂળરહે.રાજકોટ-ભાવનગર રોડ ચુનારાવાડ સિલ્વર એપાર્ટમેન્ટ નં. ૩૦૫ના વતની ઉર્વશી સુલતાન શેખ (ડોટર ઓફ રાજેશભાઈ લાધાભાઈ પટેલ) ઉવ.૧૯ દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી શનાબેન જાફરઅલી બહેરૂડગી હાલ રહે.રાજકોટ-ભાવનગર રોડ ચુનારાવાડ સિલ્વર એપાર્ટમેન્ટ નં. ૩૦૫ મૂળ રહે. મીરા રોડ મુંબઈ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ફરીયાદી ઉર્વશીબેને અગાઉ રાજકોટ થોરાળા પોલીસ સ્ટેશન ખાતે તેના પતિ, જેઠ, સાસુ તથા નણંદ શનાબેન જાફરઅલી બહેરૂડગી વિરુદ્ધ રેપ સહિતના ગંભીર આરોપોની ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં નણંદ શનાબેન જામીન પર મુક્ત થયેલ હોય, જેથી ફરિયાદ પાછી ખેંચાવવા માટે ફરીયાદી ઉપર દબાણ લાવવા માટે, આરોપી શનાબેન દ્વારા ફરીયાદી ઉર્વશીબેન તથા તેના પિતા રાજેશભાઈ લાધાભાઈ પટેલના મોબાઇલ ઉપર અલગ અલગ મોબાઇલ નંબરોથી વોટ્સએપ મેસેજ મોકલી બીભત્સ ગાળો આપવામાં આવી હતી તેમજ કેસ પાછો ન ખેંચે તો ફરીયાદી તથા તેના પરિવારજનોને જાનથી મારી નાખવાની અને ઉપાડી જવાની ધમકી આપવામાં આવી હતી. હાલ મોરબી સીટી એ ડિવિઝન પોલીસે ઉર્વશીબેનની ફરિયાદને આધારે આરોપી શનાબેન સામે ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.


# વાંકાનેરમાં મોમીન શેરીમાં ઘર પાસે પાર્ક કરેલ બાઈકની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર શહેર વિસ્તારમાં વાહન ચોરીની વધુ એક ઘટના સામે આવી છે. આ અંગે વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં તોસીફભાઇ અલીભાઇ મુલતાની ઉવ.૩૬ હાલ રહે. પાંચદ્વારકા ગામ તા.વાંકાનેર મૂળ રહે. જરીયાવાડા ગામ તા. માંગરોળ જી. જુનાગઢ વાળા દ્વારા વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે ફરિયાદ મુજબ તા. ૧૬/૧૨/૨૦૨૫ ના રોજ સાંજે ૬૦૦ વાગ્યાથી ૬૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન વાંકાનેર મોમીન શેરીમાં જુમા મસ્જીદ સામે પાર્ક કરેલ ફરીયાદીનું હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ રજી. નં. જીજે-૧૧-સીપી-૦૩૯૩ કોઈ અજાણ્યા ઈસમ દ્વારા ચાવી વડે ચાલુ કરી ચોરી કરી લઈ જવામાં આવ્યું હતું. બાઈક ચોરી થયાની જાણ થતા ફરીયાદીએ શોધખોળ કર્યા બાદ ઇ-એફ.આઇ.આર. મારફતે ફરિયાદ નોંધાવી હતી. આ આધારે વાંકાનેર સીટી પોલીસે આરોપી અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# RPF રાજકોટની ઈમાનદારીઃ સૌરાષ્ટ્ર મેલમાં છૂટી ગયેલ ૮૬,૭૫૦ની કિંમતી વસ્તુઓ મુસાફરને પરત કરી

### સતર્કતા અને ત્વરિત કામગીરી દ્વારા રેલવે સુરક્ષા દળે કર્તવ્યનિષ્ઠાનું ઉદાહરણ પૂરું પાડ્યું




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનના રેલવે સુરક્ષા દળ (RPF) એ સતર્કતા, ઈમાનદારી અને સંવેદનશીલતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતા એક મુસાફરનો કિંમતી સામાન શોધી કાઢી સુરક્ષિત રીતે પરત કર્યો છે.

તારીખ ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ ટ્રેન સંખ્યા ૨૨૯૪૫ (મુંબઈ સેન્ટ્રલ-ઓખા સૌરાષ્ટ્ર મેલ) માં મુંબઈથી વિરમગામની મુસાફરી કરી રહેલા એક મુસાફરનું પર્સ કોચમાં છૂટી ગયું હતું. આ અંગેની જાણ થતા જ RPF કંટ્રોલ રૂમ, રાજકોટની સૂચના મુજબ વાંકાનેર સ્ટેશન પર તૈનાત RPF ટીમ દ્વારા ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવી હતી.

વાંકાનેર પોસ્ટ પર તૈનાત હેડ કોન્સ્ટેબલ પરાક્રમ સિંહ અને કોન્સ્ટેબલ રોહિતે સંબંધિત કોચમાં સઘન તપાસ કરી હતી અને પોતાની સજાગતા તેમજ ઈમાનદારીનો પરિચય આપી મુસાફરનું પર્સ શોધી કાઢ્યું હતું. પર્સમાં રોકડ રકમ, ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને બેંક કાર્ડ્સ સહિત અંદાજે ૮૬,૭૫૦ ની કિંમતની મિલકત હતી. સામાન મળ્યા બાદ મુસાફરને તરત જ આ અંગે જાણ કરવામાં આવી હતી.

મુસાફર વાંકાનેર RPF પોસ્ટ પર હાજર થતા, જરૂરી વેરીફિકેશન અને દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરી 'સુપરતગી પંચનામા' દ્વારા તમામ સામાન તેમને સુરક્ષિત રીતે સોંપવામાં આવ્યો હતો. પોતાનો કિંમતી સામાન પરત મળતા મુસાફરે RPF સ્ટાફની તત્પરતા અને ઈમાનદારીની હૃદયપૂર્વક પ્રશંસા કરી આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રશંસનીય કામગીરી બદલ રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) ગિરિરાજ કુમાર મીના અને ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર કમલેશ્વર સિંહ દ્વારા સંબંધિત સ્ટાફની કર્તવ્યનિષ્ઠાના વખાણ કરવામાં આવ્યા છે. આ ઘટના રેલવે સુરક્ષા દળ દ્વારા મુસાફરોની સુરક્ષા અને તેમના સામાનની સલામતી સુનિશ્ચિત કરવાની પ્રતિબદ્ધતાનું જીવંત ઉદાહરણ છે.


# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઑ. હાઉસિંગ સોસાયટી દ્વારા બુધવારે ઇ. એન. ટી. સર્જન ડો. સેજલબેન ભટ્ટનું સન્માન

### રાજ્યસભાના સભ્ય રામભાઇ મોકરિયા અને કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશીની પ્રેરક ઉપસ્થિતિમાં ઉજાસ ૨૦૨૫નું વિમોચન થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે આવેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઑપરેટીવ હાઉસિંગ સોસાયટીનાં સભ્યોના સ્નેહ મિલનનો સમારોહ તા.૨૪ ના બુધવારના રોજ સાંજે સાડા છ વાગ્યે,સોસાયટીના મનુભાઇ વોરા ઓપન એર થિયેટર,રુદ્રમુખી હનુમાનજી પરિસરમાં યોજાશે. આ કાર્યક્રમના અધ્યક્ષપદે રાજ્ય સભાના સદસ્ય રામભાઇ મોકરિયા અને મુખ્ય મહેમાન પદે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશી ખાસ ઉપસ્થિત રહેશે.


સાંસદ રામભાઈ મોકરીયા


પ્રોફે. ઉત્પલ જોશી


ડો. સેજલબેન ભટ્ટ

આ પ્રસંગે રાજકોટ સીવી હોસ્પિટલનાં ઈ. એન. ટી. વિભાગના સિનિયર સર્જન ડો. સેજલબેન ભટ્ટનું તેની મેડિકલ સાયન્સ ક્ષેત્રની સેવાઓને બિરદાવી તેમનું ગરિમાપૂર્ણ સન્માન કરવામાં આવશે તેમજ સોસાયટીના મુખપત્ર ઉજાસ ૨૦૨૫નું સાંસદ રામભાઇ મોકરિયા, કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશી અને ઉપસ્થિત મહાનુભાવોનાનાં હસ્તે વિમોચન કરવામાં આવશે.આ પ્રસંગે સોસાયટીનાં પ્રમુખ પ્રોફે. જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ ઉદ્યોગપતિ સજી મેથ્યુ, સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અજયભાઈ જોશી , સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટના મે. ટ્રસ્ટી અલ્કાબહેન વોરા અને વા. ચેરમેન કૌશિક મહેતા ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોસાયટીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ સજી મેથ્યુ,માનદ મંત્રી અજયભાઈ જોશી, સહમંત્રી અજયસિંહ એમ. પરમાર તથા રમેશ સભાયા, ડૉ.અનામિકભાઈ શાહ, ઉદ્યોગપતિ શૈલેષ પટેલ, શ્રી જિતેશકુમાર એમ. પંડિત, શ્રી કૈલેશકુમાર તન્ના,ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, ડૉ.દર્શન ભટ્ટ, ડી.પી. ત્રિવેદી , ઉદ્યોગપતિ શ્રીજીથ સુકુમારન નાયર, મૌલિક્સિંહ ભટ્ટી, એચ. એમ. રાજા , પ્રો.હરિભાઈ કગથરા , કવિ દિલીપભાઈ જોશી, યોગેશભાઈ જોશી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# બોરીવલી--કાંદિવલી સેક્શનમાં બ્લોકને કારણે રાજકોટ ડિવિઝનની કેટલીક ટ્રેનો પ્રભાવિત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના મુંબઈ સબર્બન વિસ્તારમાં બોરીવલી-કાંદિવલી સેક્શન વચ્ચે છઠ્ઠી લાઇનના કામને ધ્યાનમાં રાખીને ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ થી ૩૦ દિવસના સમયગાળા માટે ટ્રાફિક બ્લોક લેવામાં આવશે. આ બ્લોકને કારણે રાજકોટ ડિવિઝન પરથી પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. જેની વિગતો નીચે મુજબ છે

રીશેડ્યૂલ કરવામાં આવેલી ટ્રેનોઃ ટ્રેન નંબર ૧૯૨૧૮ વેરાવળ-બાંદ્રા સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ રીશેડ્યૂલ થવાને કારણે વેરાવળથી નીચે મુજબ મોડી ઉપડશે ૨૭-૧૨-૨૦૨૫ ના રોજ ૦૧ કલાક, ૧૦-૧-૨૦૨૬ ના રોજ ૪૫ મિનિટ, ૧૫-૧-૨૦૨૬ ના રોજ ૪૫ મિનિટ અને ૧૬-૧-૨૦૨૬ ના રોજ ૩૦ મિનિટ.

માર્ગમાં રેગ્યુલેટ (મોડી) થનારી ટ્રેનોઃ ૨૭.૧૨.૨૦૨૫ ના રોજ હાપાથી ઉપડનારી ટ્રેન નંબર ૧૨૨૬૮ હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ માર્ગમાં ૪૫ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

૨૮-૧૨-૨૦૨૫, ૨૯-૧૨-૨૦૨૫, ૧૦-૧-૨૦૨૬ અને ૧૫-૧-૨૦૨૬ ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન નંબર ૨૨૯૪૬ ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ માર્ગમાં ૩૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે, એટલે કે માર્ગમાં મોડી પડશે.

ટ્રેનોના સ્ટોપેજ રદ થવા બાબતઃ ૨૭-૧૨-૨૦૨૫ ના રોજ ઓખાથી ઉપડતી ટ્રેન નંબર ૨૨૯૪૬ ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ બોરીવલી સ્ટેશન પર ઉભી રહેશે નહીં. બોરીવલીના બદલે આ ટ્રેન એક દિવસ માટે વસઈ રોડ અને અંધેરી સ્ટેશનો પર ઉભી રહેશે.

વસઈ રોડ સ્ટેશન આગમન ૩ઃ૨૨ કલાકે અને પ્રસ્થાન ૩ઃ૩૪ કલાકે.

અંધેરી સ્ટેશન આગમન ૪ઃ૧૨ કલાકે અને પ્રસ્થાન ૪ઃ૧૪ કલાકે.

રેલ મુસાફરોને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરે જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

# શિવભક્તિ, સેવા, સંકલ્પનો સંગમ એટલે 'જનકલ્યાણ શિવવંદના પદયાત્રા'

### મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના નેતૃત્વ હેઠળ ઘોઘાવદર થઈને ગોંડલ પહોંચેલી પદયાત્રાને ઉત્સાહભેર આવકારો અપાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ફટાકડા અને 'હર હર મહાદેવ'ના નાદ સાથે વાતાવરણ ગુંજી ઊઠ્યું ગુજરાતના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના નેતૃત્વ હેઠળ શિવભક્તિ, સેવા અને સંકલ્પની ભાવના સાથે ચાલતી 'જનકલ્યાણ શિવવંદના પદયાત્રા' ઘોઘાવદર થઈને ગોંડલ પહોંચી હતી, જ્યાં પદયાત્રાને ફટાકડાં ફોડીને ઉત્સાહભેર આવકારો અપાયો હતો.

આ પદયાત્રા બીજા દિવસે મોટા દડવાથી શરૂ થઈને નાના માંડવા, રામોદ, ઘોઘાવદર થઈને ગોંડલ શહેર ખાતે પહોંચી હતી. છબીલા હનુમાનજી મંદિર નજીક પદયાત્રાનું આગમન થતાં બાળાઓએ પરંપરાગત રીતે સામૈયું કર્યું હતું. 'હર હર મહાદેવ', 'ભારત માતા કી જય'ના નાદ સાથે વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. વિવિધ સમાજના આગેવાનોએ મંત્રીનું પુષ્પગુચ્છ અને શાલથી અભિવાદન કર્યું હતું. આ પદયાત્રા ગોંડલ શહેરના જાહેર રસ્તા અને બજારોમાં ફરી હતી. ત્યારબાદ આ યાત્રા જામવાડી ગામ રાત્રિ રોકાણ અર્થે રવાના થઈ હતી.

આ વેળાએ મંત્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પદયાત્રાનો ઉદ્દેશ આધ્યાત્મિક, સામાજિક અને સાંસ્કૃતિક હોવાનો જણાવ્યો હતો. મંત્રીએ પદયાત્રાનું સ્વાગત કરવા બદલ ગ્રામજનોનો આભાર માન્યો હતો. આ તકે મંત્રીએ પી.જી.વી.સી.એલ.ની વિભાગીય કચેરી, ગોંડલના સ્ટોલની મુલાકાત લીધી હતી.

ઉલ્લેખનીય છે કે, મંત્રીએ ઘોઘાવદર ગામમાં દાસીજીવણ સમાધિ મંદિર ખાતે સંતના દર્શન કરીને આરતી ઉતારી હતી. તેમજ યાત્રામાર્ગમાં આવતા મંદિરો-દેરીઓમાં સંતો-મહંતોના દર્શન કર્યા હતાં અને લોકકલ્યાણની પ્રાર્થના કરી હતી.

# સેન્ચ્યુરી હોસ્પિટલે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની અગ્રણી આરોગ્ય સેવા સંસ્થા સેન્ચ્યુરી કેન્સર હોસ્પિટલ દ્વારા શનિવારે સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય લોકોમાં વહેલી તકે નિદાન, રોગ નિવારણ તેમજ કેન્સરના જોખમ અને સારવાર પછી રિકવરીમાં પોષણની ભૂમિકા અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.



આ કાર્યક્રમમાંથી વધુ લોકોએ ભાગ લીધો હતો, જેમાં હોસ્પિટલના તબીબી નિષ્ણાતો અને વિશેષજ્ઞોએ તેમના વિચારો અને અનુભવો શેર કર્યા. વરિષ્ઠ ઑન્કોલોજિસ્ટ ડો. અમિત જેતાણીએ સ્તન કેન્સરના વધતા વ્યાપ અને સમયસર નિદાનના મહત્વ અંગે માહિતી આપી, જ્યારે ડાયટિશિયન અને ન્યુટ્રિશન સ્પેશિયાલિસ્ટ દ્વારા લેવામાં આવેલા સેશનમાં સંતુલિત આહાર અને આરોગ્ય તથા સ્વસ્થ રિકવરીમાં મદદરૂપ જીવનશૈલીના વિકલ્પો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

સ્તન કેન્સર મહિલાઓમાં સૌથી વધુ નિદાન થનારા કેન્સરમાંથી એક તરીકે હજુ પણ વ્યાપક છે. નિયમિત સ્ક્રિનિંગ દ્વારા વહેલી તકે નિદાન અને લક્ષણોની જાગૃતિથી સારવારના પરિણામોમાં નોંધપાત્ર સુધારો શક્ય બને છે. કાર્યક્રમ દરમિયાન નિયમિત સ્વ-પરીક્ષણ, ક્લિનિકલ સ્ક્રીનિંગ અને કોઈપણ લક્ષણો જણાય ત્યારે સમયસર તબીબી સલાહ લેવાની આવશ્યકતા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

ડો. અમિત જેતાણીએ જણાવ્યું હતું કે, ''સ્તન કેન્સર જો વહેલી તકે શોધાઈ જાય તો તેની સારવાર અત્યંત અસરકારક બની શકે છે. અવેરનેસ જીવન બચાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે, કારણ કે માહિતીની અછત અથવા મોડા નિદાનને કારણે અનેક દર્દીઓ હજુ પણ એડવાન્સ્ડ સ્ટેજમાં અમારી પાસે આવે છે. તબીબી સારવાર સાથે સાથે સંતુલિત આહાર અને યોગ્ય પોષણ જાળવવાથી દર્દીઓને સારવાર દરમિયાન વધુ સારી રીતે સામનો કરવામાં મદદ મળે છે અને સાજા થવાની પ્રક્રિયાને પણ ટેકો મળે છે.''

ન્યુટ્રિશન સેશનમાં સ્વસ્થ આહારની આદતો, પૂરતું પ્રોટીન સેવન અને સમજદારીપૂર્ણ જીવનશૈલીના પસંદગીઓ દ્વારા રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનાવવા તેમજ સારવાર દરમિયાન અને ત્યારબાદ જીવનની ગુણવત્તા સુધારવામાં તેની ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો. સહભાગીઓને નિવારક આરોગ્ય સંભાળની પદ્ધતિઓ અપનાવવા અને નિષ્ણાતોની માર્ગદર્શન લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સેન્ચ્યુરી કેન્સર હોસ્પિટલ કેમોથેરાપી, બોન મેરો તથા સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ પ્રક્રિયાઓ, હેમેટોલોજિકલ મેલિગ્નન્સીઝની સારવાર તેમજ બાયોપ્સી જેવી ડાયગ્નોસ્ટિક સેવાઓ સહિત વ્યાપક કેન્સર સારવાર સેવાઓ પ્રદાન કરે છે. હોસ્પિટલની મલ્ટિડિસિપ્લિનરી ટીમ ક્લિનિકલ કુશળતાને દર્દી-કેન્દ્રિત સંભાળ સાથે જોડીને સારવાર તેમજ લાંબા ગાળાની સુખાકારી માટે સમર્પિત રીતે કાર્ય કરે છે.

સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ જેવી પહેલો દ્વારા સેન્ચ્યુરી કેન્સર હોસ્પિટલ લોકો સાથે સતત સંવાદ સાધીને માહિતીસભર આરોગ્ય સંબંધિત નિર્ણયો અને વહેલી તકે સારવાર શરૂ કરવાની મહત્વતા પ્રોત્સાહિત કરતી રહી છે.

# મોરબીમાં મ્યુલ એકાઉન્ટ કૌભાંડમાં વધુ બે આરોપીઓ સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા મ્યુલ એકાઉન્ટ મામલે વધુ બે આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. તપાસ દરમિયાન સાયબર ફ્રોડથી મેળવેલ રૂ. ૨૪.૦૯ લાખથી વધુની રકમ સગેવગે કરાયાનું સામે આવતા પોલીસે બન્ને આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધી તપાસની તજવીજ શરૂ કરી છે. મોરબી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદ અનુસાર આરોપી (૧)સંજયભાઇ ખેંગારભાઇ સોલંકી તથા (૨)મનોજ મોહનભાઇ ચૌહાણ બન્ને રહે.રેલ્વે સ્ટેશન પાછળ રોહીદાસપરા મોરબી વાળા તેમજ તપાસમાં ખુલ્લે તેઓએ પૂર્વ આયોજીત કાવતરું રચી સાયબર ફ્રોડ અને છેતરપીંડીથી મેળવેલ નાણા સગેવગે કર્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. જેમાં આરોપી સંજયભાઇ ખેંગારભાઇ સોલંકીના નામે પંજાબ નેશનલ બેંકમાં સેવિંગ્સ એકાઉન્ટ ખોલાવી તેમાં રૂ. ૨૪,૦૯,૧૫૦/- જમા કરાવવામાં આવ્યા હતા. આ બેંક એકાઉન્ટનો ઉપયોગ સાયબર ફ્રોડથી પ્રાપ્ત નાણાં ઉપાડવા માટે કરવામાં આવ્યો હોવાનું તપાસમાં ખુલ્યું છે. આરોપી મનોજ મોહનભાઇ ચૌહાણે અન્ય સાગરીતો સાથે મળીને બેંક કિટ પોતાના કબજામાં રાખી ચેક તથા એટીએમ મારફતે નાણા ઉપાડી સગેવગે કર્યા હતા. જ્યારે એકાઉન્ટ ધારકને કમિશન પેટે રૂ. ૧૦,૦૦૦/- આપીને આ ગેરકાયદેસર પ્રવૃતિ ચલાવવામાં આવી હોવાની વિગતો સામે આવતા પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ બીએનએસની કલમ હેઠળ ગુનો નોંધી આગળની વધુ તપાસ સાયબર ક્રાઇમ પોલીસના પીએસઆઇ. વાય.પી.વ્યાસ દ્વારા ચલાવવામાં આવી છે.

# હળવદમાં પત્ની સાથે મિત્રતાનું મનદુઃખ રાખી યુવકના હાથ પગ ભાંગી નાખનાર પાંચ વિરૂદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ ટાઉનમાં પત્ની સાથે મિત્રતા રાખનાર યુવક ઉપર લોખંડના પાઇપ, ધોકા સહિતના જીવલેણ હથિયારો સાથે હુમલો કરનાર પાંચ શખ્સો વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા, પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, હળવદ ટાઉનમાં ભવાનીનગર ઢોરો ખાતે રહેતા અશ્વિનભાઈ રામજીભાઈ સુરાણી ઉવ.૨૫ નામના યુવાને હળવદ પોલીસ મથકમાં આરોપી લાલજીભાઈ, પિન્ટુભાઈ રાજેશભાઇ કરમશીભાઈ ખાંભલીયા, નરોતમભાઈ જગાભાઈ રાવળદેવ તથા ભાવેશભાઈ ખાંભલીયા તમામ રહે. ભવાનીનગર ઢોરો હળવદ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, આરોપી લાલજીભાઈની પત્ની સાથે ફરિયાદી અશ્વિનભાઈને મિત્રતા હોય જેનું મનદુઃખ રાખી ગત તા.૧૯/૧૨ ના રોજ અશ્વિનભાઈ સવારે પોતાનું ડમ્પર લઈને જવાના હોય ત્યારે ચાલીને જતા હતા તે દરમિયાન રસ્તામાં ભવાનીનગર ઢોરો શાળા નંબર ૧૦ પાસે પહોચતા ઉપરોક્ત આરોપી લાલજીભાઈ સહિત ત્રણેય સગાભાઈ લોખંડ પાઈપ, ધોકા લઈને આવી અશ્વિનભાઈને ગાળો આપી બેફામ માર મારવા લાગતા હતા, આ દરમિયાન આરોપી નરોતમભાઈ તેમજ આરોપી લાલજીભાઇ કાકા ભાવેશભાઈ પણ ત્યાં આવી જતા તેઓ પણ અશ્વિનભાઈને માર મારવા લાગેલ, ત્યારબાદ આરોપીઓએ અશ્વિનભાઈનો મોબાઇલમાં પણ ધોકા મારી તોડી નાખી નુકસાની કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ત્યારે આજુબાજુમાં રહેતા લોકો એકઠા થઈ જતા તમામ આરોપીઓ ત્યાંથી ચાલ્યા ગયા હતા. જે બાદ અશ્વિનભાઈને સારવાર અર્થે હળવદ બાદ મોરબી સર્જરી હોસ્પિટલમાં દાખલ કર્યા જ્યાં અશ્વિનભાઈને હાથ પગમાં ફ્રેક્ચરની સારવાર ચાલુ કરેલ હતી. હાલ પોલીસે પાંચેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# એગ્રીવર્લ્ડ એક્સપો ૨૦૨૫ રાજકોટમાં જામશે ભારતનો સૌથી મોટો કૃષિ મેળો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના શાસ્ત્રી મેદાનમાં આગામી ૨૩ થી ૨૫ ડિસેમ્બર દરમિયાન ખેતી અને ટેકનોલોજીના સંગમ સમાન 'એગ્રીવર્લ્ડ એક્સપો ૨૦૨૫'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ''ખેતી દેશની તાકાત'' થીમ પર આધારિત આ એક્સપો ખેડૂતોને આધુનિકતા તરફ દોરી જવા અને ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવા માટેનું એક શ્રેષ્ઠ માધ્યમ બનશે.

આ પ્રદર્શનમાં ભારતભરની ૧૫૦ થી વધુ દિગ્ગજ કંપનીઓ સહભાગી થઈ રહી છે, જે ખેતીને લગતી ૨૦૦૦ થી વધુ નવીન ટેકનોલોજી અને અદ્યતન સાધનોનું જીવંત પ્રદર્શન કરશે.

મુખ્ય આકર્ષણો સ્માર્ટ ખેતીના સાધનો, બાયો-ફર્ટિલાઇઝર્સ, ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ અને પુનઃપ્રાપ્ય ઊર્જાના સાધનો.

સિંચાઈ અને ડેરી આધુનિક સિંચાઈ પદ્ધતિઓ અને ડેરી ક્ષેત્રે આવેલી નવી ટેકનોલોજી વિશેની ઊંડાણપૂર્વક માહિતી.

એગ્રીવર્લ્ડ એક્સપો માત્ર પ્રદર્શન નથી, પરંતુ ખેડૂતો અને ઉદ્યોગ સાહસિકો માટે એક વિશાળ નેટવર્કિંગ પ્લેટફોર્મ છે.

માહિતીપ્રદ સેમિનાર ખેતીના વર્તમાન પડકારો અને તેના ઉકેલો વિશે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

બિઝનેસ તકો ખેડૂતો સીધા જ કંપનીઓ સાથે સંપર્ક કરી શકશે, જેનાથી 'બીટુબી' અને 'બીટુસી' કનેક્ટિવિટી વધશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ''આત્મનિર્ભર ભારત'' અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સહકારના મંત્રને સાર્થક કરવા માટે આ એક્સપો મજબૂત પાયો પૂરો પાડશે. સસ્ટેનેબલ (ટકાઉ) ખેતી પદ્ધતિઓ અપનાવીને ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવવાનો અહીં મુખ્ય ઉદ્દેશ્ય છે.

મુલાકાતી ખેડૂતો માટે આ એક્સપો માત્ર જ્ઞાનવર્ધક જ નહીં પરંતુ લાભદાયી પણ રહેશેઃ

લકી ડ્રો દરરોજ લકી ડ્રો દ્વારા મુલાકાતીઓને આકર્ષક ઇનામો જીતવાની સુવર્ણ તક મળશે.

ઓર્ગેનિક ઉત્પાદો પાક સુરક્ષા અને ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપતા સ્ટોલ્સની વિશેષ મુલાકાત.

સૌરાષ્ટ્રના હૃદય સમાન રાજકોટ ખાતે આ કાર્યક્રમનું આયોજન અત્યંત વ્યૂહાત્મક છે. રાજકોટ માત્ર ઉદ્યોગોનું જ નહીં, પરંતુ કૃષિ ટેકનોલોજીનું પણ મુખ્ય હબ છે.

કેન્દ્રીય સ્થાનઃ ગુજરાતની ૫૦% થી વધુ કૃષિ જમીન આ વિસ્તાર સાથે સંકળાયેલી છે.

મજબૂત સહકારી માળખું અહીંના સશક્ત સહકારી અભિયાનને કારણે ખેડૂતો આર્થિક રીતે સમૃદ્ધ બન્યા છે.

સ્ટાર્ટઅપ સંસ્કૃતિ ઉત્તમ કનેક્ટિવિટી અને ઉદ્યોગસાહસિકતાને કારણે અનેક એગ્રી-સ્ટાર્ટઅપ્સ અહીંથી ઉભરી રહ્યા છે, જે નવી રોજગારી અને તકોનું સર્જન કરે છે.

# મોરબી-હળવદ હાઈવે ઉપર હોટલમાંથી મેફેડ્રોન પાવડર સાથે હોટલ-માલીક ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એસઓજી પોલુસ ટીમે પૂર્વ બાતમીને આધારે મોરબી-હળવદ હાઈવે ઉપર અદાણી સીએનજી પંપ પાસે આવેલી દ્વારકાધીશ હોટલમાં રેઇડ કરી નશાકારક મેફેડ્રોન પાવડરના જથ્થા હોટલ-માલીકની ધરોએકડ કરવામાં આવી છે. આ સાથે પોલીસે આરોપી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.



મોરબી પોલીસ અધીક્ષકની સૂચના અનુસાર એસ.ઓ.જી. મોરબી દ્વારા નશીલા પદાર્થોના વેચાણ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેની તપાસ દરમિયાન બાતમી મળી હતી કે રૈયાભાઇ ઉર્ફે રાયમલ મૈયાભાઇ બાંભવા મોરબી-હળવદ હાઈવે ઉપર અદાણી સીએનજી પંપ નજીક આવેલી પોતાની દ્વારકાધીશ હોટલમાં ગેરકાયદેસર રીતે મેફેડ્રોન પાવડર રાખી ખાનગીમાં વેચાણ કરતો હતો. બાતમીના આધારે એસ.ઓ.જી. ટીમે રેઇડ કરતા આરોપી પાસેથી મેફેડ્રોન પાવડર ૯.૪૮ ગ્રામ કિ.રૂ.૨૮,૪૪૦/- મળી આવ્યું હતું.

આ ઉપરાંત નશીલા પદાર્થના વેચાણમાંથી મેળવેલ રોકડ રૂ. ૩,૪૦૦/- તથા મોબાઈલ ફોન કિ.રૂ.૫ હજાર મળીને કુલ રૂ. ૩૭,૩૪૦/-નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. આ સાથે આરોપી રૈયાભાઇ ઉર્ફે રાયમલ મૈયાભાઇ બાંભવા ઉવ.૩૪ રહે. આંદરણા વાળા વિરુદ્ધ હળવદ પોલીસ સ્ટેશન ખાતે એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુનો રજીસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારે હાલ આ મામલે હળવદ પોલીસ સ્ટેશન દ્વારા આગળની તપાસ અને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# માળીયા(મી)ના હરિપર ગામ નજીક અજાણ્યા વાહનની પાછળ ઈકો કાર ઘુસી જતા, ચાલકનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) તાલુકાના હરિપર ગામની ગોળાઈમાં ઈકો કાર આગળ જતાં અજાણ્યા વાહનના પાછળના ભાગે અથડાતા, ઈકો કારના ચાલકનું સારવારમાં અમદાવાદ ખાતે મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે ઈકો કારમાં સાથે બેઠેલ મિત્રને પગમાં ફ્રેકચર જેવી ઇજાઓ પહોંચી હતી. હાલ મૃતકના ભાઈની ફરિયાદને આધારે માળીયા(મી) પોલીસે મૃતક ઈકો કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, કચ્છ જીલ્લાના ભચાઉ તાલુજના વાંધીયા ગામે રહેતા જયદેવભાઈ રાજેશભાઇ ઉપાધ્યાય ઉવ.૩૫ અને તેમના મિત્ર ગુલામભાઈ જુમાભાઈ સમેજા બંને મિત્રો ગઈ તા.૦૩/૧૨ ના રોજ ઈકો કાર રજી.નં. જીજે-૧૨-એફડી-૦૨૧૧ લઈને માળીયા(મી) ગેસ પૂરાવવા જતા હતા તે દરમિયાન ઈકો કાર પુર ઝડપે અને બેફિકરાઈથી ચલાવતા જયદેવભાઈએ હરિપર ગામ નજીક ગોળાઈ પાસે આગળ જતાં કોઈક વાહનના પાછળના ભાગે અથડાવી દેતા બન્ને મિત્રોને ઇજાઓ પહોંચી હતી, જેથી તેઓને સારવાર અર્થે પ્રથમ મોરબી બાદ રાજકોટ અને ત્યાંથી અમદાવાદ લઈ જતા જ્યાં સારવાર દરમિયાન જયદેવભાઈનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ સમગ્ર અકસ્માતના બનાવ અંગે મૃતક જયદેવભાઈના ભાઈ સાગરભાઈ રાજેશભાઇ ઉપાધ્યાયની ફરિયાદને આધારે માળીયા(મી) પોલીસે મૃતક જયદેવભાઈ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


# મોરબી ત્રાજપર ચોકડી નજીક ટ્રક ટ્રેલરની ઠોકરે બાઈક ચાલકનું કરુણ મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-૨ ત્રાજપર ચોકડી નજીક નેશનલ હાઈવે ઉપર ટ્રક ટ્રેલરની અડફેટે મોટરસાયકલ ચાલક યુવકનું મોત થયું છે. અક્ષણત સર્જી ટ્રક ટ્રેઈલર ચાલક નાસી ગયો હતો. ત્યારે સમગ્ર અકસ્માતના બનાવ અંગે મૃતકના પિતાની ફરિયાદને આધારે મોરબી સીટી બી ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ફરિયાદ મુજબ એ-પાર્ટ ગુનામાં જાણવા મળ્યા મુજબ, મોરબીના ભડીયાદ ગામે રહેતા રતીલાલ માવજીભાઇ પીપરોતર ઉવ-૫૯એ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૧૦/૧૨/૨૦૨૫ના રોજ વાંકાનેરથી કંડલા તરફ જતા નેશનલ હાઈવે ઉપર ટ્રેલર રજી.નં. આરજે-૪૭-જીએ-૬૯૦૫ના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી હીરો સ્લેન્ડર પ્લસ મોટરસાયકલ રજી.નં. જીજે-૩૬-ક્યુ-૨૦૪૮ને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો આ અકસ્માતમાં મોટર સાયકલ ચાલક નિલેશભાઇ રતિલાલ પીપરોતર ઉવ.૨૯ રોડ ઉપર પટકાતા તેમના કપાળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ગંભીર ઈજાના કારણે નિલેશભાઇનું મોત નિપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જ્યા બાદ ટ્રેલર ચાલક નાસી ગયો હતો. હાલ બી ડિવિઝન પોલીસે આરોપી ટ્રક ટ્રેઈલરના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT



# આલે લે... થોરાળા પોલીસ સ્ટેશનમાં આરોપીને વીઆઈપી સુવિધા...?: વીડિયો વાયરલ

## ગંજીવાડામાં દારૂ પી ધમાલ કરતા શખ્સ વિરૂધ્ધ યુવાને ફરીયાદ આપી હોવા છતાં પોલીસે નબળી કામગીરી અને પોલીસ સ્ટાફે પણ દારૂ પીધો હોવાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે ભાવનગરરોડ પર આવેલા થોરાળા પોલીસ સ્ટેશન એનકેન પ્રકારે વિવાદમાં સપડાય છે ત્યારે વધુ એક વિવાદીત વીડિયો વાઈરલ થયો છે. જેમાં દારૂ પીને ધમાલ કરતા નામચીન શખ્સને પોલીસે પકડી તો લીધો પરંતુ તેની સામે આરોપી જેવી કાર્યવાહી કરવાના બદલે વીવીઆઈપી સુવિધાઓ પોલીસ દ્વારા પુરી પાડવામાં આવી હોય તેવો વીડિયો વાઈરલ થતા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. સાથેસાથે ફરીયાદ કરનાર ગંજીવાડાના યુવાને પોલીસની નબળી કામગીરી અને પોલીસ સ્ટાફ પણ દારૂ પીધેલા હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સામાકાંઠે ભાવનગર રોડ પર આવેલા ગંજીવાડા મેઈન રોડ પર રહેતા અમનભાઈ ગોહિલ નામના યુવાને પાડોસમાં રહેતો અને દારૂનો વેપલો ચલાવતો હિપાલ ઉર્ફે લાખો ગોહિલ નામના શખ્સ વિરૂધ્ધ થોરાળા પોલીસ સ્ટેશનમાં લેખીત અરજી આપી હતી કે, આ પાડોસમાં રહેતો શખ્સ અવારને અવાર દારૂ પી ધમાલ મચાવી યુવાન અને તેના પરિવાર સાથે ઝઘડો કરી મારામારી કરતો હોવાની ફરીયાદ કરી હોય. ગઈકાલે ફરીવાર આ નામચીન શખ્સ દારૂના નશામાં ધૂત બની આ યુવાનને ધમકી આપી મારમારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોય જેથી યુવાને પોલીસને જાણ કરતા આ નામચીન હિપાલ ઉર્ફે લાખાને થોરાળા પોલીસ પકડીને પોલીસ સ્ટેશને લઇ જવામાં આવ્યો હતો.

આ ઘટના બાદ અરજદાર યુવાન પોતે પોલીસ સ્ટેશને પહોંચતા તેને માલુમ પડયું હતું કે, પકડાયેલો નામચીન શખ્સ આરોપી હોય અને પોલીસ તેને છાવરી રહી હોય તથા વીવીઆઈપી સુવિધા આપી આ શખ્સને ટેબલ પર બેસાડવામાં આવ્યો હોય ત્યારે યુવાને આ વીડિયો બનાવી લઇ તપાસ કરનાર પોલીસ કર્મીને પુછયું હતું કે, તમે મારી ફરીયાદમાં આ શખ્સ દારૂ પીને નશો કર્યો છે તેવી કલમનો કેમ ઉલેખ કરવામાં આવ્યો નથી. જે અંગે પુછતા હાજર પોલીસ કર્મીઓએ તેને ઉડાઉ જવાબ આપ્યો હોય અને પોલીસ કર્મી પણ નશો કરેલી હાલતમાં હોય તેવો યુવાને આક્ષેપ સાથે વીડિયો વાયરલ કરતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

શહેરમાં સરાજાહેર પીને નિકળતા શખ્સો સામે પોલીસ કડક કાર્યવાહી તો કરે છે પરંતુ થોરાળાની આ ઘટનામાં ઉચ્ચ અધિકારીઓ તપાસ કરી જવાબદાર સામે કડક પગલા લેશે કે નહીં તે આવનારા દિવસોમાં જોવાનું રહ્યું.

# વિનોદનગર આવાસના કવાર્ટર પાસે ચાર કિલો ગાંજા સાથે પેડલરની ધરપકડ

## મળેલી બાતમીના આધારે દરોડો પાડી ભક્તિનગર પોલીસે રૂ.૨.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં શાળા-કોલેજોની આસપાસ પડીયા પાથરીયા રહેતા નશાનો કારોબાર ચલાવતા શખ્સો સામે રાજકોટ શહેર પોલીસે અભિયાન શરૂ કર્યુ છે જેમાં યુવાધનને બરબાદી તરફ ધકેલતા શખ્સો સામે પોલીસે લાલઆંખ કરી છે. ત્યારે રાજકોટ શહેર એસઓજી ટીમ દ્વારા ભૂતકાળમાં શહેરમાંથી અનેક માદક પદાર્થનું વેંચાણ કરતા શખ્સોની ધરપકડ કરી તેની સામે પાસાનું શસ્ત્ર ઉગામવામાં આવ્યું છે ત્યારે ભક્તિનગર પોલીસે વધુ એક માદક પદાર્થનું વેંચાણ કરતા પેડલરને વિનોદનગર આવાસ યોજના કવાર્ટર પાસેથી દબોચી લઇ ચાર કિલો ગાંજા સહિત રૂ.૨.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ભક્તિનગર પોલીસ મથકના પીઆઇ મયુરધ્વજસિંહ સરવૈયાની સુચનાથી પીએસઆઇ જે.જે.ગોહિલ, એએસઆઇ નિલેશભાઇ મકવાણા, હેડ કોન્સ. જયદિપભાઇ, સ્નેહલભાઇ, હરવિજયસિંહ, કેતનભાઇ, રમેશભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હેડ કોન્સ. જયદિપભાઇને હકિકત મળી હતી કે, એક શખ્સ વિનોદનગર આવાસ યોજના કવાર્ટરમાં ગાંજાનું વેંચાણ કરતો હોવાની હકિકતના આધારે પોલીસને ઉપરોકત સ્થળે દરોડો પાડતા વિનોદનગર આવાસના કવોર્ટર સામે દિવાલ પાસે લાકડાના બાકડા પાસે જાહેરમાં બેઠેલો ફિરોઝ આમદ રાઉમા (ઉ.વ.૪૩)ની અટકાયત કરી તેના કબ્જામાંથી ૪.૨૦૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો કબ્જે કરી એક મોબાઇલ સહિત કુલ રૂ.૨.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને ગાંજાનો જથ્થો પ્રાથમીક તપાસ કરી એફએસએલમાં મોકલાવવામાં આવ્યો હતો. ગાંજાનો જથ્થો કયાંથી લાવ્યો અને કોને આપવાનો હતો તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ભગવતીપરા મિયાણાવાસમાં પુત્રની બીમારીની ઉપાધિમાં પિતાનો ફાંસો ખાઈ આપઘાત

## માતા બાદ પિતાના મોતથી ત્રણ સંતાનો નોધારા બન્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવતીપરા મિયાણાવાસમાં પુત્રની મગજની બીમારીની ઉપાધિમાં ૪૬ વર્ષીય યુવકે ફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી હતી. આઠ વર્ષ પૂર્વે માતાનું અવસાન થયું હોય ત્યારે પિતાએ પણ દુનિયા છેડી દેતા ત્રણ સંતાનો નોધારા બન્યા હતા. આ અંગેની વિગતો મુજબ, ભગવતીપરા મિયાણાવાસમાં રહેતા ફિરોઝભાઈ મૂંગરભાઈ સોરા નામના યુવકે સવારે ૮.૩૦ વાગ્યા આસપાસ ઘરે લોખંડના એંગલમાં ચુંદડી બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હતો. સવારે પુત્ર અરમાન રૂમનો દરવાજો ખોલતાં પિતાને લટકતી હાલતમાં જોઈને દેકારો કરી મૂક્તા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. બનાવ અંગે જાણ થતાં બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મૃતકના પરિવારજનના જણાવ્યા મુજબ, ફિરોઝભાઈ મજૂરી કામ કરીને ગુજરાન ચલાવતાં હતા. તેઓને સંતાનમાં બે દીકરી અને એક પુત્ર છે તેમના પત્ની આઠ વર્ષ પૂર્વે અવસાન પામ્યા હતા. પુત્ર અરમાનને મગજની બીમારની ઉપાધિમાં ફિરોઝભાઈએ આ પગલું ભરી લીધું હતું.

# મવડી ચોકડીના પુલ નીચે પાર્કિંગમાં ત્રણ દિવસ પહેલા બાળા સાથે અડપલા કરનાર વૃધ્ધની ધરપકડ

## ૮૫ વર્ષના વૃદ્ધે કહ્યું, વીડિયો વાયરલ થતાં મારું નાક કપાયું!ન કરવાનું કરનાર વૃદ્ધ પોલીસ મથકની સીડી પણ માંડ ચડી શક્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ટ્રાફિકથી ધમધમતા મવડી ચોકડીના પુલ નીચે આવેલા મહાપાલિકાના પાર્કિંગમાં ૮૫ વર્ષના એક વૃદ્ધે તેની પૌત્રીની ઉંમરની ૧૨ વર્ષની બાળકીના શારીરિક અડપલા કર્યાનો વીડિયો સામે આવતા લોકોએ 'ભાભા' ઉપર ફિટકાર વરસાવ્યો હતો.

આ પછી બાળકીના માતા-પિતાની ફરિયાદના આધારે માલવિયાનગર પોલીસે વૃદ્ધની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યા હતા. એક તબક્કે પોલીસ મથકની સીડી ચડવામાં પણ વૃદ્ધને શ્વાસ ચડી ગયા હતા. પોલીસની પૂછપરછ દરમિયાન લાજવાને બદલે વૃદ્ધે ગાજતાં કહ્યું કે, વીડિયો વાયરલ થવાને કારણે મારું નાક કપાઈ ગયું છે !તપાસમાં એવી વાત પણ સામે આવી હતી કે વિરમ ભગાભાઈ બરાડિયાએ ત્રણ દિવસ પહેલાં પણ બાળકી સાથે મવડી ચોકડીના પુલ નીચે પાર્કિંગમાં જ અડપલા કર્યા હતા. પોલીસને વૃદ્ધે જણાવ્યું કે બાળકી ગ્રીલ ઉપર બહુ ઉંચી થઈ રહી હોવાથી તે પડી ન જાય એટલા માટે હું તેને હાથથી બચાવી રહ્યો હતો! મેં અડપલા કર્યા જ નથી. આ પ્રકારનું રટણ જ તેના મોઢેથી સાંભળવા મળ્યું હતું. સાથે સાથે વૃદ્ધે એમ પણ કહ્યું કે મારો વીડિયો વાયરલ થવાને કારણે નાક કપાઈ ગયું છે અને હું કોઈને મોઢું બતાવવા જેવો રહ્યો નથી.

જો કે વીડિયોમાં સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે વૃદ્ધ બાળકીના રીતસરના અડપલાં કરી રહ્યો છે. પોલીસ દ્વારા વૃદ્ધને આ વીડિયો બતાવાયો છતાં તેણે અડપલાં કર્યાનો ઈનકાર કર્યે રાખ્યો હતો. આ પછી વૃદ્ધનો પુત્ર કે જે રિક્ષા ચલાવે છે તેની પૂછપરછ કરતાં તેણે પણ પિતાનો બચાવ કરતા કહ્યું કે બાળકી પડી ન જાય એટલા માટે જ તેઓ પાછળ હાથ મુકી રહ્યા હતા બાકી મારા દાદા (પિતા) આવું કરી શકે જ નહીં ! પોલીસ સૂત્રોએ જણાવ્યું કે બાળકીના પરિવારજનોએ પહેલાં તો અમારે વૃદ્ધ સાથે ઘર જેવો વ્યવહાર હોવાથી ફરિયાદ કરવાનો ઈનકાર કર્યો હતો. જો કે પોલીસે બાળકીના પિતા કે માતા ફરિયાદ ન કરે તો પોતે ફરિયાદી બનવાની તૈયારી કરી લેવામાં આવી હોય આખરે બાળકીના પિતાએ ફરિયાદ નોંધાવી હતી.

# દારૂની હેરફેરીમાં પકડાયેલા વાહનોની ક્રાઈમ બ્રાન્ચે કરી જાહેર હરરાજી






## પોલીસનો સોની કજીયો ફળ્યો, ભંગારના ૧૫ના બદલે મળ્યા ૨૩ લાખ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૨૦૧૩થી ૨૦૨૪ દરમિયાન દારૂની હેરાફેરીમાં ઉપયોગ કરવામાં આવેલા ૭૨ વાહનો જપ્ત કરવામાં આવી હતી. આ કેસનો ચુકાદો આવી જતાં તમામ વાહનની હરાજીનું આયોજન રવિવારે પોલીસ હેડ ક્વાર્ટર ખાતે કરવામાં આવ્યું હતું. આ હરાજીમાં પોલીસે 'વેપારી બુદ્ધિ' વાપરતા ભંગારના સાત લાખ વધુ મળ્યા હતા.

એસીપી ક્રાઈમ બી.બી.બસીયા, પીઆઈ એમ.આરગોંડલિયા, એમ.ટી.વિભાગના પીએસઆઈ સહિતની હાજરીમાં આ હરાજી યોજવામાં આવી હતી. હરાજીમાં મોટી સંખ્યામાં રાજકોટમાં ભંગારના ડેલા ધરાવતા વેપારીઓ આવ્યા હતા. તેમણે ભંગાર જોયા બાદ જાણે કે રિંગ કરી લીધી હોય તે પ્રમાણે પોલીસને કહ્યું હતું કે સાહેબ, આ ભંગારના ૧૫થી ૧૬ લાખ રૂપિયા આવે.

આ સાંભળી પોલીસ દ્વારા સ્પષ્ટપણે વેપારીઓને સંભળાવી દેવામાં આવ્યું હતું કે તો અમારે ભંગારની હરાજી કરવાની થતી જ નથી ! ત્યાર-બાદ વેપારીઓએ પોલીસ પાસે થોડો સમય વિચારવાનો સમય માંગતા તે અપાયો હતો. સમય મળી જતાં તમામ વેપારીઓ એકઠા થયા હતા અને અંદરોઅંદર વાતચીત શરૂ કરી હતી. પંદર મિનિટ સુધી વાતચીત ચાલ્યા બાદ ફરી વેપારીઓ આવ્યા હતા અને ભંગારના ૨૩ લાખ રૂપિયા ચૂકવવાનું કહેતા ભંગાર તેમને વેચી દેવામાં આવ્યો હતો. આ માટે વેપારીઓ દ્વારા બે લાખ રૂપિયા એડવાન્સ જમા કરાવવામાં આવ્યા હતા. આ પછી તેમને બાકીના પૈસા જમા કરાવવા માટેની મહેતલ અપાઈ હતી. ભંગાર વેચ્યા બાદ જે રકમ આવશે તે સીધી સરકારમાં જમા કરાવી દેવાશે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષો બાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ પ્રકારે હરાજી કરવામાં આવી હતી જેમાં સોની કજિયા કરવામાં આવતા સાત લાખ વધુ મળ્યા હતા.

# ઈમ્પોર્ટ-એક્સપોર્ટના વેપારીએ ઝેરી દવા ગટગટાવી : સારવારમાં મોત

## હોસ્પિટલમાં પુત્રને છેલ્લા શબ્દો કહેતા કહ્યું મમ્મીનું ધ્યાન રાખજેઃ પરિવારમાં ઘેરો શોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સંત કબીર રોડ પર ઓફિસ ધરાવતા અને ડુંગળી-બટાકાના ઈમ્પોર્ટ-એક્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા એક પ્રૌઢે ઝેરી દવા પીને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. અંતિમ શ્વાસ લેતા પહેલા પિતાએ પુત્રને કહેલા શબ્દો મમ્મીનું ધ્યાન રાખજેએ પરિવારજનોની આંખો ભીની કરી દીધી છે.

કુવાડવા રોડ પર આવેલા શિવરંજની પાર્કમાં રહેતા સંજયભાઈ વલ્લભભાઈ રામાણી (ઉં.વ. ૪૬) સંત કબીર રોડના નાળા પાસે ઈન્ડિયન પેટ્રોલ પંપની સામે કૃપાલી ટ્રેડિંગ નામની ઓફિસ ધરાવે છે. ગત તારીખ ૧૨ના રોજ સાંજે સાતેક વાગ્યે તેઓ પોતાની ઓફિસમાં હતા, ત્યારે ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર ગટગટાવી લીધો હતો. ઘટનાની જાણ થતા જ સંજયભાઈના પુત્ર અને પિતાના પિતાના મિત્ર હિતેશભાઈએ તેમને તત્કાલ ખાનગી હોસ્પિટલમાં ખસેડયા હતા. જોકે, ઝેરની અસર વધુ હોવાથી ટૂંકી સારવારના અંતે તેમનું મૃત્યુ નીપજર્યું હતું. થોરાળા પોલીસ મથકના પીએસઆઈ સી.વી. ચુડાસમાએ હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક સંજયભાઈને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. હોસ્પિટલમાં સારવાર દરમિયાન સંજયભાઈએ પોતાના પુત્રને પાસે બોલાવીને ફક્ત જ કહ્યું હતું હતું કે, કે, ''બેટા, મમ્મીનું ધ્યાન રાખજે.'' પરના મોભીના અકાળે અવસાનથી રામાણી પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો છે. પોલીસે કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલના સુલતાનપુર-મોવૈયા ગામે 'સાયબર ડાયરો' યોજાયો

## જિલ્લા પોલીસવડાએ કાઠિયાવાડી સ્ટાઈલમાં સાયબર ફ્રોડથી બચવા આપી 'ટીપ્સ'







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર કે જિલ્લો જ નહીં સમગ્ર દેશમાં ડિજિટલ અરેસ્ટ, ટાસ્ક પૂરા કરવા, શેરબજારમાં રોકાણ કરાવી ઉંચું વળતર આપવા, સસ્તા ભાવે વસ્તુ અપાવી દેવા સહિતના અવનવા બહાના હેઠળ લોકોને સાયબર ફ્રોડનો ભોગ બનાવી લાખો-કરોડો રૂપિયા ઉસેડી લેવામાં આવે છે ત્યારે સરકાર તેમજ પોલીસ દ્વારા લોકોને જાગૃત કરવા માટે અવનવા પ્રયોગ કરવામાં આવી રહ્યા છે ત્યારે આવો જ એક પ્રયોગ જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવ્યો હતો. જિલ્લા પોલીસવડા દ્વારા ગોંડલના સુલતાનપુર અને મોવૈયા ગામના ચોકમાં લોકોને એકઠા કરી 'સાયબર ડાયરો' યોજવામાં આવ્યો હતો જેમાં યુવાનોથી માંડી વડિલ સહિતના મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જર દ્વારા આ ડાયરાને સંબોધીને કાઠિયાવાડી શૈલીમાં સાયબર ફ્રોડથી કેવી રીતે બચવું તેની 'ટીપ્સ' આપવામાં આવી હતી. આ ઉપરાંત સાયબર માફિયાઓ દ્વારા લોકોને ફસાવવા માટે કેવી કેવી ટેકનીક અપનાવાઈ રહી છે તેનો ચિતાર પણ કાઠિયાવાડી સ્ટાઈલમાં આપવામાં આવતા લોકોને પણ આ ડાયરા થકી જાગૃતિની સાથે જ મજા પણ પડી ગઈ હતી. આ માટે પોલીસ દ્વારા સાઉન્ડ સિસ્ટમ, પીપીટી સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી. એસપી વિજયસિંહ ગુર્જરના જણાવ્યા પ્રમાણે આગામી સમયમાં દરેક ગામમાં આ પ્રકારે ડાયરો યોજવામાં આવશે.

# પરાબજારમાં ભીડનો લાભ લઈ મહિલા વેપારીના ૮૨,૦૦૦ ભરેલા થેલાની ચોરી

## બે અજાણી મહિલાઓ અને એક શખ્સે નજર ચૂકવી ચોરીને અંજામ આપ્યો; પોલીસ ફરિયાદ નોંધાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના પરાબજાર વિસ્તારમાં સવારે ધોળા દિવસે ચોરીની એક ઘટના પ્રકાશમાં આવી છે. મનીપ એન્ડ કંપનીની સામે ફૂટપાથ પર નારિયેળ અને અગરબત્તીનો વ્યવસાય કરતા મહિલા વેપારીના ૮૨,૦૦૦ રોકડા ભરેલા થેલાની કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી ગયા છે.

આ અંગેની મળતી માહિતી મુજબ, મિલપરા શેરી નં. ૦૭ માં રહેતા ઉષાબેન ભુપેન્દ્રભાઈ તન્ના (ઉ.વ. ૫૫) કે જે પરબજારમાં નારિયેળ અને અગરબત્તી વેંચી ગુજરાન ચલાવતા હોય તેઓ સવારે આશરે ૯૦૦ વાગ્યે ઘરેથી મરૂન કલરના થેલામાં ૮૨,૦૦૦ રોકડા લઈને પરાબજાર સ્થિત પોતાના થડે આવ્યા હતા. આ રકમ તેમણે અન્ય વેપારીને પેમેન્ટ ચૂકવવા માટે રાખી હતી. ઉપાબેને ઘેલો પોતાના જમણા પગ પાસે મૂકીને સવારની

પૂજા-પાઠની તૈયારી શરૂ કરી હતી. તે દરમિયાન બે અજાણી મહિલાઓ નારિયેળ અને અગરબત્તીના ભાવ પૂછવા માટે આવી હતી. આ જ સમયે એક અજાણ્યો પુરુષ પણ નારિયેળ લેવા આવ્યો હતો. ઉપાબેન જ્યારે આ ગ્રાહકને નારિયેળ આપવામાં વ્યસ્ત થયા, ત્યારે તકનો લાભઉઠાવીને આ શખ્સો ત્યાંથી નીકળી ગયા હતા. થોડી વાર બાદ જ્યારે ઉપાબેને છૂટા પૈસા કાઢવા માટે નીચે જોયું તો તેમનો મરૂન કલરનો થેલો ગાયબ હતો.

થેલો ન મળતા ઉષાબેને તાત્કાલિક ૧૧૨ જન રક્ષક' પર કોલ કરીને પોલીસની મદદ માંગી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. ઉપાબેને આ મામલે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે.

# નવાગામ પાસે છકડો રિક્ષા પલ્ટી જતા ચાલક તરૂણનું કરૂણ મોત

## ઘર પાસેથી પિતાની રિક્ષા લઈને ચકકર મારવા નિકળ્યો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**


શહેરમાં કુવાડવા રોડ પર છકડો રિક્ષા પલ્ટી જતા ચાલક તરૂણનું મોત નિપજતા તેના પરીવારમાં શોક છવાયો છે. બનાવની જાણ થતા કુવાડવા પોલીસે તપાસ કરતા મૃતક તરુણ તેના ઘર પાસે પિતાએ રાખેલ રિક્ષા લઈને નિકળ્યો હતો અને આ બનાવ બન્યાનુ બહાર આવતા પોલીસે મૃતક સામે ગુનો નોધી કાર્યવાહી કરી છે.


આ અંગેની માહિતી મુજબ નવગામ પાસે સોખડા રોડ પર માલધારી હોટલ પાસે રહેતો રોહન ભલાભાઈ ચૌહાણ (ઉ.૧૫) છકડો રિક્ષા લઈને નિકળ્યો હતો તે દરમ્યાન કુવાડવા હાઈવે રોડ પર આઈઓસી પ્લાન પાસે છકડો રિક્ષા પલ્ટી જતા તેને ગંભીર હાલતમાં સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડાયો હતો જેનુ સારવાર દરમ્યાન મોત નિપજયુ હતુ. બનાવની જાણ થતા પીએસઆઈ સોલંકી સહીતે તપાસ કરતા ભલાભાઈ છકડો રિક્ષા ચલાવતા હોય તેના ઘર પાસે રિક્ષા પાર્ક કરી હતી જે કોઈને વાત કર્યા વિના પુત્ર રોહન રિક્ષા લઈને આટો મારવા નિકળી ગયો હતો અને આ બનાવ બન્યાનુ પરીવારે જણાવતા પોલીસે રિક્ષા ચાલક મૃતક તરૂણ સામે ગુનો નોધી કાર્યવાહી કરી છે.


# જામનગર રોડ પરના એસ.આર.પી. કેમ્પમાં (ASI)ના ક્વાર્ટરમાંથી તસ્કરો તાળા તોડી કુલ રૂ. ૬.૧૪ લાખની માલમત્તાની ચોરી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં જામનગર રોડ એસ.આર.પી. કેમ્પમાં રહેતા એએસઆઈના ક્વાર્ટરમાંથી તસ્કરોએ તાળા તોડી કુલ રૂ. ૬.૧૪ લાખની માલમત્તાની ચોરી કરી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.







આ અંગેની વિગતો મુજબ, એસ.આર.પી. કેમ્પના બ્લોક નંબર બી-૩૮, રૂમ નંબર ૪૪૫ માં રહેતા એએસઆઈ વીરજીભાઈ હરજીભાઈ સરવૈયાના પુત્ર નિતિન સરવૈયાએ યુનિવર્સિટી પોલીસ મથકમાં અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેઓ કુવાડવા રોડ પર આવેલી ગોકુલ હોસ્પિટલમાં ફાર્મસીમાં નોકરી કરે છે. ગત તા. ૨૦/૧૨/૨૦૨૫ના રોજ સાંજે નિતિનભાઈ પોતાની ફરજ પર હોસ્પિટલ ગયા હતા. રાત્રિના દશેક વાગ્યાની આસપાસ તેમના માતા-પિતા, પત્ની જાગૃતિબેન, બહેન ભૂમિકાબેન અને પુત્ર અંશ, પોતાના નીચેના ક્વાર્ટર (નં.૪૪૫)ને તાળું મારી, ઉપરના માળે આવેલા બીજા ક્વાર્ટર (નં. ૪૪૯)માં સૂવા માટે ગયા હતા. રવિવારે સવારે આશરે નવેક વાગ્યે જ્યારે નિતિનભાઈના મમ્મી નીચેના ક્વાર્ટરમાં આવ્યા ત્યારે ઘરનું તાળું ગાયબ હતું અને દરવાજા બંધ હતા.

અંદર જઈને જોતા ઘરનો સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. લોખંડના કબાટનું તાળું તૂટેલું હતું અને અંદરની તિજોરીનું ખાનું પણ તોડી નાખવામાં આવ્યું હતું. તસ્કરો તિજોરીમાં રહેલ સોનાનો પેન્ડલ સેટ, સોનાનો ચેન, સોનાની બે વીંટી, સોનાની બુટ્ટી-ઝુમરની બે જોડી, સોનાના નાકના દાણા, ચાંદીના સાંકળા, સિક્કા અને મૂર્તિઓ તેમજ રોકડ ૧૨ હજાર સહિત કુલ રૂપિયા ૬,૧૪,૦૦૦ માલમત્તા ઉસેડી ગયા હોવાનું સામે આવ્યું હતું. એસ.આર.પી. કેમ્પ જેવા સુરક્ષિત ગણાતા વિસ્તારમાં તસ્કરો ત્રાટકતા રહીશોમાં ફફડાટ ફેલાયો છે. પોલીસે ગુનો નોધી આસપાસના સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.